પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૭/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૯૦


**સુવિચાર**

મનુષ્ય રડતો જન્મે છે, અનેક ફરિયાદો કરતો જીવે છે અને નિરાશ થઈને મરે છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦


## આગામી વર્ષ ૨૦૪૭ સુધીમાં જિલ્લાનો કરાશે વિકાસ


# અમરેલીને વિકસિત બનાવવાની પરિકલ્પનાં સાકાર કરવા મનોમંથન

**જિલ્લાનાં માનવ સંશાધન વિકાસ સાથે શિક્ષણ, આરોગ્ય, પોષણ, આર્થિક વિકાસ કરવાની નેમ**

**કૃષિ, પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને ઉદ્યોગોમાં ટકાઉ વિકાસ કરવાની નેમ**

**વિકસિત અમરેલીનું @ ૨૦૪૭ વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવે : જિલ્લા કલેકટર**

**જિલ્લાની જનતાની વિકાસની વર્ષો જુની ભૂખ દૂર થવાનાં એંધાણ**



અમરેલી, તા. ૨૩

ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં અન્ય વિકસિત રાષ્ટ્રની હરોળમાં લાવવાના નિર્ધારને પરિપૂર્ણ કરવાના હેતુથી અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની વિશેષ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા સેવા સદન–કલેકટર કચેરીના સભાખંડ ખાતે 'વિકસિત અમરેલી @ ૨૦૪૭ વિઝન ડોકયુમેન્ટ' અંતર્ગત જિલ્લાના અધિકારીઓ માટેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ–૨૦૪૭ માટેના રાષ્ટ્રનું વિઝન રજુ કર્યુ છે, આ વિઝન મુજબ આઝાદીની શતાબ્દિ સુધીમાં દેશને વિકાસને નવી ફલક પર લઈ જવાનો છે. 'નવાભારત'ની કલ્પના કરી દેશ અને નાગરિકોને સમૃધ્ધિને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સામૂહિક પ્રયાસો કરવાની હાકલ કરી છે, તે વિઝનને વિકસિત ભારત @ ૨૦૪૭

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ગરીબોનાં હકક હિસ્સાના અનાજનો કાળો કારોબાર

# ચલાલામાંથી મામલતદારે સસ્તા અનાજની દુકાનમાંથી ઘંઉ, ચોખાનો જથ્થો ઝડપી લીધો

**રૂપિયા ૩.૩૭ લાખનો જથ્થો ઝડપી લેવામાં આવતા ચકચાર**



અમરેલી, તા.૨૩

ભારત સરકાર ગરીબોને મફત અથવા તો સસ્તા દરે સસ્તા અનાજના ઘઉં, ચોખા વિગેરે આપે છે ત્યારે કેટલાંક લોકો આવા ગરીબોના રેશનિંગના જથ્થાને બારોબાર કાળાબજારમાં વેંચી નાંખતા હોય ત્યારે ચલાલા ગામમાંથી સસ્તા અનાજના ઘઉં, ચોખા ભેગા કરી વેચાણ થાય તે પહેલાં મામલતદારે દરોડો પાડી ૧૬૩ કટ્ટા ચોખા, ૭ કટ્ટા ઘઉં, ૬ કટ્ટા બાજરી સહિત ૩,૩૭૦૦૦ નો જથ્થો પકડી પડતાં ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ધારી તાલુકાના ચલાલા પંથકમાંથી કેટલાક લોકો સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચી મારતા હોવાની હકીકત ધારીના મામલતદારને મળતાં વોચ ગોઠવવામાં આવતાં સસ્તા ભાવનાના ઘઉં, ચોખા ભેગા કરી વેચાણ થાય તે પહેલાં મામલતદારે દરોડો પાડી ૧૬૩ કટ્ટા ચોખા, ૭ કટ્ટા ઘઉં, ૬ કટ્ટા બાજરી સહિત ૩,૩૭૦૦૦ નો જથ્થો પકડી પડતાં ચકચાર મચી જવા પામી છે.

આ જથ્થો જૂનાગઢ જિલ્લાના વિસાવદર પંથકના એક શખ્સનું હોવાનું તપાસમાં ખુલતા તપાસનો ધમધમાટ શરૂ થવા પામેલ છે.

## શ્રાવણ મહિના પહેલા જુગાર શરૂ

# બાબરાનાં નડાળા–રાણપર માર્ગ ઉપર જુગાર રમતાં પત્તાપ્રેમી ઝડપાયા

**એક મહિલા પણ જુગાર રમતી ઝડપાઈ**

અમરેલી, તા. ૨૩

વડીયા તાલુકાના ઈરીયા ગામે રહેતા લખમણભાઈ હરીભાઈ સોંધરવા તથા એક મહિલા સહિત પાંચેય આરોપી બાબરા તાલુકાના નડાળા ગામથી રાણપર ગામે જવાના રસ્તે અવેડાની પાસે જાહેરમાં તીનપત્તીનો જાહેરમાં જુગાર રમતાં રોકડા રૂપિયા ૫૬૦૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન મહિલા સહિત ચારે ઈસમો મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
65,150/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૩/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમદાવાદ શહેરમાં સર્વશ્રેષ્ઠ સુવિધાઓ સાથેની અતિઆધુનિક ૧૫૦ બેડની સુવિધા ધરાવતી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ "અનંતા" હોસ્પિટલનો શુભારંભ થઈ ચુકેલ છે.....
Ananta Hospital
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ..
■ કાર્ડિયાક સાયન્સ
■ ન્યુરો સાયન્સ
■ ગેસ્ટ્રો સાયન્સ
■ રિનલ સાયન્સ
■ ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ
■ ઈ.એન.ટી. અને હેડ. નેક સર્જરી
■ ક્રિટીકલ કેર મેડિસિન
■ એનેસ્થીયોલોજી
■ પિડિયાટ્રિક
■ આઈ.વી.એફ.
■ પેથોલોજી અને લેબોરેટરી મેડિસિન
■ ઓન્કોલોજી
ડો.ઉત્સવ ઉનડકટ
એમ.બી.બી.એસ., એમ.ડી.,ડી.એન.બી. (કાર્ડિયોલોજી) (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ)
મો.નં.૮૧૯૭૩ ૯૧૫૯૯
ડો.કોમલ વ્યાસ (ઉનડકટ)
એમ.બી.બી.એસ., ડી.એન.બી.(ગાયનેક) એફ.આઈ.આર.એમ., (ઈન્ફર્ટિલિટી સ્પેશિયાલીસ્ટ)
મો.નં.૯૯૧૩૯ ૪૮૪૩૦
અનંતા હોસ્પિટલ
:: સર્વશ્રેષ્ઠ કાર્ડિયાક ટીમ ::
ડો. ભાવેશ ઠકકર (MD,DM)
ડો. આનંદ શુકલ (MD,DM)
ડો. તરૂણ મદન (MD,DNB)
ડો. જય શાહ (MD,DNB)
ડો. ઉત્સવ ઉનડકટ (MD,DNB)
ડો. શૌરીન શાહ (MD,DM)
ડો. ધ્રુવકુમાર સિંહ જાડેજા (MD,DNB)
ડો. સંજીવ પ્રજાપતિ (MD,DNB)
ડો. નીરવ શાહ (MD,DM)
:: સર્વશ્રેષ્ઠ કાર્ડિયાક સર્જરી ટીમ ::
ડો. ભાવીન દેસાઈ (MS.MCH)
ડો. અનીતેષ શંકર (MS, MCH)
ડો. શૈવલ મજમૂદાર (MS.MCH)
સ્થળ: શહિદ મેજર ઋષિકેશ રામાણી ગાર્ડન સામે, નિકોલ,અમદાવાદ - ૩૮૨૩૫૦

## કોન્ટ્રાકટ પધ્ધતિ બંધ કરવા સહિતની માંગ સંતોષવામાં ન આવતાં

# અમરેલી પાલિકાનાં સફાઇ કામદારોમાં રોષનો માહોલ

**૧૫ દિવસ પહેલા અપાયેલ અલ્ટીમેટમ બાદ સફાઇ કામદારોએ તંત્ર સામે ધરણારૂપી ધોકો પછાડયો**

**પાલિકા કચેરી સામે મોટી સંખ્યામાં એકત્ર થઈને સફાઈ કામદારોએ સુત્રોચ્ચાર કર્યા**

**આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી**

**સફાઈ કામદારોએ સફાઈ કાર્યનો બહિષ્કાર શરૂ કરતાં શહેરમાં સ્વચ્છતાનું કાર્ય થશે ઠપ્પ**










અમરેલી, તા. ૨૩

અમરેલી પાલિકાનાં સફાઈ કામદારોએકોન્ટ્રાકટ પધ્ધતિથી સફાઈની કામગીરી બંધ કરવા સહિતની માંગને લઈને આજે પાલિકા કચેરી સામે મોટી સંખ્યામાં એકત્ર થઈને સુત્રોચ્ચાર કરેલ અને સફાઈ કાર્ય બંધ કરવાની ચીમકી આપતાં શહેરમાં વરસાદી માહોલમાં સ્વચ્છતાનો પ્રશ્ન ઉભો થયેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીખાતે ૧૫ દિવસ પહેલા સફાઈ કામદારોએ ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવીને ૧૫ દિવસમાં સફાઈ કામદારોની વિવિધ માંગ પૂર્ણ કરવાની માંગ કરેલ.

જે બાદ આજે સફાઈ કામદારોએ એક પણ માંગ પૂર્ણ ન થતાં પુનઃ આવેદનપત્ર પાઠવીને સુત્રોચ્ચાર કરીઅને સફાઈ કાર્યનો બહિષ્કાર કરેલ છે.

## ભેરાઈ ગામના ખેડૂતનું સરકારી ડોકટરની બેદરકારીના કારણે મોત થયાનો ગંભીર આક્ષેપ



રાજુલા, તા. ૨૩

રાજુલાના ભેરાઈ ગામના ખેડૂત નું સરકારી ડોકટરની બેદરકારીના કારણેમોતથયાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો ભેરાઈ ગામના ભોપાભાઈ વાઘ પગમાં રસી થતા રાજુલા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા હતા જયાં ફરજ પર સરકારી હોસ્પિટલમાં ડો.એમ.જે. બલદાણીયા દ્વારા આ દર્દીને પોતાનીખાનગીહોસ્પિટલમાંસારવારમાટે દર્દીનેજણાવેલઅનેતેમાંપોતાનાલાભમાટે સારવારમાં લઈ જવાયા દર્દી ને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે બાટલો ચડાવતા રિએક્શનઆવતાસારવાર કરી રહેલ ડોકટર બલદાણીયા દ્વારા વધુ એક ખાનગીહોસ્પિટલમાંદર્દીનેખસેડાતાત્યાં તેનુંમોતનીપજયુંદર્દીનુંમોતથતાપરિવાર લાશરાજુલાહોસ્પિટલમાંલાવીમૂકીદેવાય અનેડોકટરસામેફરિયાદદાખલકરવામાંગ કરાયઆઘટનાનીજાણરાજુલાપોલીસને થતા રાજુલા પોલીસ હોસ્પિટલમાં દોડી આવી દર્દીના પરિવાર દ્વારા યોગ્ય તપાસ કરી કાર્યવાહીની માંગ કરતા લાશ ને ભાવનગરફોરેન્સિકરિપોર્ટમાટેખસેડવા આવેલ અને પોલીસ દ્વારા પરિવારના નિવેદનલેવાની કાર્યવાહીહાથધરીરાજુલા સરકારી હોસ્પિટલ માં નોકરી કરતા આ ડોક્ટર ખાનગી પ્રેક્ટિસ કરી શકે ખરા? ખાનગીહોસ્પિટલચલાવવામાંઆવેછેતેની કોઈ મંજૂરી છે કે નહિ? આવી હોસ્પિટલ સામેતંત્ર દ્વારા કોઈ તપાસ કરવામાંઆવી છેકેકેમ? આતમામબાબતનીતપાસથશે કેકેમ?

## વડેરા ખાતે બાળકોનાં આરોગ્યની ચકાસણી કરાઈ



વડેરા, તા. ૨૩

વડેરા પ્રાથમિક શાળા ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા RKSK પોગ્રામ અંતર્ગત બાળકો ના વજન, ઊંચાઈ, BMI અને હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવેલ તથા દરેક બાળકોને પોષ્ટીક નાસ્તો અને ગીફટ આપવામાં આવેલ. આ તકે ગામના પ્રથમ નાગરિક સરપંચ ભરતભાઈ હપાણી અને ગામના પૂર્વ સરપંચ કમલેશભાઈ દેથળિયા, પ્રાથમિક શાળાના આચાર્ય નિતિનભાઈ જાની, આરોગ્ય સ્ટાફ સી.એચ.ઓ. સપનાબેન રાણવા, એફ એચ ડબલ્યુ કે.બી દુધાત, એમ.પી.એચ.ડબલ્યુ ડી.જી રાજયગુરૂ, આશા બહેનો બીલકીસબેન તથા કાજલબેન અને પ્રાથમિક શાળાના શિક્ષકોનો સ્ટાફ ઉપસ્થિત રહેલ.

### દર ગુરૂવારે મેન્ટેનન્સનો કાપ હોવા છતાં

## બગસરામાં વારંવાર વીજળી ગુલ થતાં જનતા પરેશાન

**યોગ્ય મેન્ટેનન્સ ન થતુ હોવાની ફરીયાદ**

બગસરા, તા.૨૩

બગસરામાં મંગળવારે વારંવાર વીજળી આવન જાવન કરતા લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા હતા. વીજકર્મીઓ દ્વારા યોગ્ય રીતે રીપેરીંગ ન કરવામાં આવતું હોવાની ફરિયાદ.

માહિતી અનુસાર બગસરા પીજીવીસીએલ કચેરીના અણધણ વહીવટને કારણે લોકોને ભોગવવાનો વારો આવ્યો છે. દર ગુરૂવારે રીપેરીંગના નામે સવારથી લાઈટ કાપી નિશ્ચિત થયેલા સમયથી પણ કલાકો મોટી લાઈટ શહેરને આપવામાં આવે છે. તેમ છતાં રીપેરીંગ જાણે પૂર્ણ જ ન થતું હોય તેવું લાગી રહ્યું છે. જેને લીધે મંગળવારના દિવસે પણ ભુતનાથ ફીડરમાં દિવસ દરમિયાન અનેક વખત વીજળી કાપવામાં આવી હતી. વારંવાર આવી રીતે લાઈટ આપવા અને કાપવા લીધે લોકોના ઈલેક્ટ્રીક સાધનોને પણ નુકસાનીનું જોખમ રહે છે. ચોમાસા પૂર્વે મેન્ટેનન્સની કામગીરી યોગ્ય રીતે થયેલ ન હોવાનું પણ વિજ કર્મચારી વર્તુળમાં ચર્ચાય રહ્યું છે તેમજ અમુક કર્મચારીઓ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવેલા કામ કરતા ન હોવાનું પણ બહાર આવેલ છે. પરંતુ આ તમામ કારણોમાં પરેશાની પ્રજાને માથે આવે છે. મેન્ટેનન્સની તમામ કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી હતી.


### મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

**જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૦/૨૪** **તા. ૦૮/૭/૨૦૨૪**

**વિવાદીઃ–** શ્રી નિલેશભાઈ લાલજીભાઈ લીંબાસીયા, રે.ગરણી, તા.બાબરા, જિ.અમરેલી
C/O **અમિત સી. બહુસ, એડવોકેટ બાબરા (મો.નં.૯૯૭૮૫૪૮૨૬૬)**

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદીઃ–** જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ગરણી, તા.બાબરા, જિ.અમરેલી

**// જાહેર નોટિસ //**(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે.ગરણી** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પોતે **નિલેશભાઈ લાલજીભાઈ લીંબાસીયા જન્મ તા.૧૩/૦૧/૧૯૮૦ ના રોજ મોજે. ગરણી, તા.બાબરા, જિ. અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૩/૦૭/૨૪**થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

### મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

**જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૪/૨૪** **તા. ૦૮/૭/૨૦૨૪**

**વિવાદીઃ–** શ્રી દિનેશભાઈ લાલજીભાઈ લીંબાસીયા, રે.ગરણી, તા.બાબરા, જિ.અમરેલી
C/O **અમિત સી. બહુસ, એડવોકેટ બાબરા (મો.નં.૯૯૧૩૧૧૬૪૩૪)**

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદીઃ–** જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ગરણી, તા.બાબરા, જિ.અમરેલી

**// જાહેર નોટિસ //**(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે.ગરણી** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પોતે **દિનેશભાઈ લાલજીભાઈ લીંબાસીયા જન્મ તા.૦૫/૦૬/૧૯૭૫ ના રોજ મોજે. ગરણી, તા.બાબરા, જિ. અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૩/૦૭/૨૪**થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

### મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

**જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૦૯/૨૪** **તા. ૦૮/૭/૨૦૨૪**

**વિવાદીઃ–** શ્રી ઈલાબેન ધનજીભાઈ રામાણી, રે.ગરણી, તા.બાબરા, જિ.અમરેલી
C/O **અમિત સી. બહુસ, એડવોકેટ બાબરા (મો.નં.૯૯૧૩૧૧૬૪૩૪)**

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદીઃ–** જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત વાવડા, તા.બાબરા, જિ.અમરેલી

**// જાહેર નોટિસ //**(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે.ગરણી** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પોતે **ઈલાબેન ધનજીભાઈ રામાણી જન્મ તા.૦૧/૦૭/૧૯૮૨ ના રોજ મોજે. વાવડા, તા.બાબરા, જિ. અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩/૭/૨૪થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર **એડવોકેટ પારસભાઈ યુ. દોમડીયા,** રહે. બાબરા–અમારા અસીલ જમીન ખરીદનાર **સતાણી મનોજભાઈ હરીભાઈ** રહે. પાનસડા, તા.બાબરા, જી.અમરેલી વાળાની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે. **લોન કોટડા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **સતાણી મનોજભાઈ હરીભાઈ** ખરીદી કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | ડાહીબેન ભગવાનદાસ સોલંકી<br>મુકેશભાઈ ભગવાનદાસ સોલંકી<br>ભુપતભાઈ ભગવાનદાસ સોલંકી<br>કૈલાશબેન ભગવાનદાસ સોલંકી | ૨૯૧ | ૯૩૨ | ૨–૯૧–૩૭ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેને વેચાણ સબંધે કે તેના કબ્જાના સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષિસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચે સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ ૦૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **શ્રી સતાણી મનોજભાઈ હરીભાઈ**નાં નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હક્ક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : બાબરા
તા. ૨૩/૦૭/૨૦૨૪

અમારા અસીલ
**શ્રી સતાણી મનોજભાઈ હરીભાઈ**
ની સુચનાથી

**એડવોકેટ પારસ યુ. દોમડીયા** (B.A., LL.B.)
રાજકોટ–ભાવનગર રોડ, ઉમા રેસ્ટોરન્ટની બાજુમાં, નાગનાથ કોમ્પ્લેક્ષ–દુકાન નં.–૧૩, મું.બાબરા, જી.અમરેલી **મો.નં. ૭૦૪૩૪ ૧૦૮૩૪**

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર **એડવોકેટ યોગેશ ડી. દવે,** રહે. મોટી કુંકાવાવ–અમારા અસીલ જમીન ખરીદનાર **ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા** રહે. વાછરા ગામ, તા.ગોંડલ, જી.રાજકોટ વાળાની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે. **ઢોલરવા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા** ખરીદી કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | અશ્વિનભાઈ બાલુભાઈ રામાણી | ૫૩૬ | ૧૯૮ | ૧–૦૬–૫૨ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેને વેચાણ સબંધે કે તેના કબ્જાના સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષિસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચે સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ ૧૫ (પંદર) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **શ્રી ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા**નાં નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હક્ક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : મોટી કુંકાવાવ
તા. ૨૪/૦૭/૨૦૨૪

અમારા અસીલ
**શ્રી ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા**
ની સુચનાથી

**એડવોકેટ & નોટરી યોગેશ ડી. દવે** (B.Com., LL.B.)
શારદાર શોપીંગ સેન્ટર, ઓફિસ નં.૪૬, મોટી કુંકાવાવ, તા. વડીયા, જી.અમરેલી
**મો.નં. ૯૧૦૬૧ ૫૦૬૧૦, મો.નં. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર **એડવોકેટ યોગેશ ડી. દવે,** રહે. મોટી કુંકાવાવ–અમારા અસીલ જમીન ખરીદનાર **ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા** રહે. વાછરા ગામ, તા.ગોંડલ, જી.રાજકોટ વાળાની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે. **ઢોલરવા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા** ખરીદી કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | અરવિંદભાઈ બાલુભાઈ રામાણી | ૪૧૨ | ૧૯૬ | ૧–૨૬–૨૦ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેને વેચાણ સબંધે કે તેના કબ્જાના સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષિસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચે સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ ૧૫ (પંદર) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **શ્રી ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા**નાં નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હક્ક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : મોટી કુંકાવાવ
તા. ૨૪/૦૭/૨૦૨૪

અમારા અસીલ
**શ્રી ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા**
ની સુચનાથી

**એડવોકેટ & નોટરી યોગેશ ડી. દવે** (B.Com., LL.B.)
શારદાર શોપીંગ સેન્ટર, ઓફિસ નં.૪૬, મોટી કુંકાવાવ, તા. વડીયા, જી.અમરેલી
**મો.નં. ૯૧૦૬૧ ૫૦૬૧૦, મો.નં. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર **એડવોકેટ યોગેશ ડી. દવે,** રહે. મોટી કુંકાવાવ–અમારા અસીલ જમીન ખરીદનાર **વિપુલભાઈ ભીખુભાઈ ધડુક** રહે. ભોજપરા, પો.બીલીયાળા, જી.રાજકોટ વાળાની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જિલ્લાનાં કુંકાવાવ–વડીયા તાલુકાનાં મોજે. **બરવાળા બાવીશી** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **વિપુલભાઈ ભીખુભાઈ ધડુક** ખરીદી કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | બચુભાઈ સામતભાઈ ભુવા | ૭૬૫ | ૧૪૨/પૈકી ૨ | ૧–૪૭–૬૯ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેને વેચાણ સબંધે કે તેના કબ્જાના સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષિસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચે સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ ૧૫ (પંદર) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **શ્રી વિપુલભાઈ ભીખુભાઈ ધડુક**નાં નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હક્ક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : મોટી કુંકાવાવ
તા. ૨૪/૦૭/૨૦૨૪

અમારા અસીલ
**શ્રી વિપુલભાઈ ભીખુભાઈ ધડુક**
ની સુચનાથી

**એડવોકેટ & નોટરી યોગેશ ડી. દવે** (B.Com., LL.B.)
શારદાર શોપીંગ સેન્ટર, ઓફિસ નં.૪૬, મોટી કુંકાવાવ, તા. વડીયા, જી.અમરેલી
**મો.નં. ૯૧૦૬૧ ૫૦૬૧૦, મો.નં. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર **એડવોકેટ યોગેશ ડી. દવે,** રહે. મોટી કુંકાવાવ–અમારા અસીલ જમીન ખરીદનાર **ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા** રહે. વાછરા ગામ, તા.ગોંડલ, જી.રાજકોટ વાળાની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે. **ઢોલરવા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા** ખરીદી કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | અશોકભાઈ બાલુભાઈ રામાણી | ૫૩૫ | ૧૯૭/૨૦૦ | ૦–૯૮–૨૪<br>૦–૦૩–૦૫ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેને વેચાણ સબંધે કે તેના કબ્જાના સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષિસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચે સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ ૧૫ (પંદર) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **શ્રી ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા**નાં નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હક્ક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : મોટી કુંકાવાવ
તા. ૨૪/૦૭/૨૦૨૪

અમારા અસીલ
**શ્રી ગાંડુભાઈ ઓઘડભાઈ ભુંડીયા**
ની સુચનાથી

**એડવોકેટ & નોટરી યોગેશ ડી. દવે** (B.Com., LL.B.)
શારદાર શોપીંગ સેન્ટર, ઓફિસ નં.૪૬, મોટી કુંકાવાવ, તા. વડીયા, જી.અમરેલી
**મો.નં. ૯૧૦૬૧ ૫૦૬૧૦, મો.નં. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

### ''અમરેલી એક્સપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થતાં પાલિકા દ્વારા કામગીરી શરૂ

# અમરેલીમાં સ્વચ્છતા અને દવા છંટકાવની કામગીરી શરૂ

દરેક મકાન અને દુકાનમાં ડસ્ટબીન રાખવામાં આવે અને તેમાં જ કચરો એકત્ર કરવો જરૂરી

શહેરમાં ફેલાયેલ ગંદકીને દૂર કરવા તેમજ દવા છંટકાવની કામગીરી પણ શરૂ

શહેરની બંધ તમામ સ્ટ્રીટલાઈટ શરૂ કરવા માટે ખાસ ટીમની રચના કરવામાં આવી

શહેરીજનોને પ્રાથમિક સુવિધા આપવા માટે પાલિકાનાં શાસકોએ કમર કસી






અમરેલી, તા. ૨૩

''અમરેલી એક્સપ્રેસ''માં આજનાં ફ્રન્ટ પેઈજ પર ''અમરેલીમાં ભારે વરસાદનાં અભાવે કાદવ કીચડનો માહોલ'' શિર્ષક હેઠળ પ્રસિધ્ધ થયેલ અહેવાલની પાલિકાનાં શાસકોએ ગંભીરતાથી નોંધ લઈને શહેરમાં કાદવ–કીચડ દૂર કરવા, બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવા, દવા છંટકાવની કામગીરી શરૂ કરી છે.

અમરેલી પાલિકાનાં પ્રમુખ બિપિન લીંબાણી અને કારોબારી ચેરમેન મનિષ ધરજીયાએ ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયની મુલાકાત લઈને શહેરમાં મોરમ પાથરવા, બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવા, દવા છંટકાવ કરવા અને દબાણ દૂર કરવા સહિતની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જણાવેલ છે.

### લાઠી–બાબરાનાં ધારાસભ્ય દ્વારા

## કેન્દ્રીય નાણા મંત્રી નિર્મળા સીતારામન દ્વારા રજુ થયેલ બજેટને આવકાર

**દેશનાં ગરીબો અને મધ્યમ વર્ગના પરિવારોને થશે ફાયદો**


લાઠી, તા. ૨૩

લાઠી – બાબરા વિસ્તારના ધારાસભ્યશ્રી જનકભાઈએ કેન્દ્ર સરકારના નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલ. વર્ષ ૨૦૨૪–૨૫ ના બજેટને આવકાર આપ્યો હતો. આ બજેટમાં સરકાર દ્વારા તમામ વર્ગોને ધ્યાને રાખીને બજેટ રજૂ કરવામાં આવ્યું છે. તેમજ પીએમ આવાસ યોજનામાં ૩ કરોડ ઘર બનાવવા, મફત વીજળી માટે ૧ કરોડ ઘરોમાં સોલાર પેનલ, વિદ્યાર્થીઓને ૩ ટકા વ્યાજ પર લોન, શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પાકા રોડ રસ્તાઓ, કેન્સરની ત્રણ દવાઓ પર કસ્ટમ ડ્યુટી હટાવવાની જાહેરાત સહિતના મહત્વના મુદ્દાઓને લઈને જાહેરાત કરવામાં આવી છે. આ બજેટમાં વિદ્યાર્થીઓ, મહિલાઓ, ગરીબો અને ખેડૂતોને લઈને પણ સરકારનાં બજેટમાં મહત્વની જાહેરાતો કરવામાં આવી છે.આ બજેટના વિશેષ વખાણ કરતા ધારાસભ્ય દ્વારા આવકારવામાં આવ્યું હતું.



આ બજેટથી દેશના હરેક તબક્કાના લોકોને ફાયદો મળશે અને ગુજરાતમાં પણ મોટા પ્રમાણે લોકો બેજેટમાં થયેલ જાહેરાતોનો લાભ મળશે તેવી વાત કરતા ધારાસભ્ય દ્વારા બજેટને આવકારવામાં આવ્યું હતું.

## બાબરામાં ટીટોડીએ ઈંટોના ભઠ્ઠા પર ઈંડા મુકતા વરસાદનું જોર વધશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરામાં જયંતીભાઈ પોપટભાઈનાં ઈંટોનાં ભઠ્ઠા પર ટીટોડીએ ઈંડા મુકતા વરસાદનું જોર વધશે. બાબરામાં હજુ અન્ય તાલુકા અને જિલ્લા કરતા ઓછો વરસાદ પડયો છે ત્યારે આગળ વધુ વરસાદ પડશે તેવો આશાવાદ લોકોએ લગાવ્યો હતો

### પીજીવીસીએલનાં મીટરની ગતિ રોકેટ જેવી લાગે છે

## લ્યો બોલો : સાવરકુંડલાનાં વીજપડી ગામનાં ગરીબ પરિવારને પીજીવીસીએલે ૬૭ હજારનું વીજબિલ ફટકાર્યુ

**ઉચ્ચ અધિકારીઓએ બિલ અંગે ચકાસણી કરવી જરૂરી**

વીજપડી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાનાં વીજપડી ગામે વાલ્મિકી સમાજનાં સોમાભાઈ ડાયાભાઈ નામનાં ગ્રાહકને રૂા. ૬૭,૫૪૪.૪૭ નું બીલ આવતાં પરિવાર બિલની રકમ જોઈને ફફડી ઉઠેલ. પીજીવીસીએલ સત્તાવાળાઓએ કઈ રીતે બિલ બનાવ્યું હશે? તે એક પ્રશ્ન ભારે વિટંબણાભર્યો છે. આ વાલ્મિકી પરિવારમાં એક લેમ્પ, એક ટીવી, એક પંખો અને એક ફ્રિઝ છે છતાં આટલું મોટું બિલ કેમ આવ્યું હશે? હજુ તો સ્માર્ટ મીટર તો આવ્યા નથી તો પછી આ પરિવારની દશા ડીજીટલ સ્માર્ટ મીટર આવ્યા પછી શું થશે?

પ્રાપ્ત માહિતી અનુસાર એપ્રીલ–મે માસનું બિલ સોમાભાઈ ડાયાભાઈને આવડું મોટું બિલ આવતાં વીજપડી ગામમાં ચકચાર જાગી છે. ત્યારે પીજીવીસીએલ સત્તાવાળાઓ આવા મહેનત–મજૂરી કરીને પેટીયું રળી ખાતા અશિક્ષિત પરિવારની વેદના સાંભળશે? કંઈ કંપનીની ભૂલ હોય તો સુધારો કરશે કે પછી... પરિવાર પીડાતું રહેશે એમાંયે ન કરે નારાયણ અને આ પરિવારની કોઈ વ્યકિતને મોટો આઘાત સહન કરવો પડે તે પહેલા તંત્ર કંઈક ભૂલ હોય તો સુધારે તેવી આ ગરીબ પરિવારની લાગણી સહ માંગણી છે.

### એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ

## અમરેલીનાં પ્રોહિબીશનનાં કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો

**એડિશનલ સિવિલ જજ સાહેબની કોર્ટનો ચુકાદો**



અમરેલી, તા. ૨૩

અમરેલી સીટી પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૩૦૬૦૨/૨૦૨૩થી ગુન્હો દાખલ થયેલ. જેમાં તપાસનાં કામે આરોપી તરીકે હાર્દિકભાઈ ભરતભાઈ ત્રિવેદીનની અટક કરેલ ત્યારબાદ તેઓ જામીન મુકત થયેલ. પેલીસ દ્વારા પુરાવાઓ એકત્ર કરી નામ કોર્ટમાં ચાર્જસીટ ફાઈલ કરેલ. ત્યારબાદ કેસની ટ્રાયલ ચાલુ થયેલ. જેમાં ફયિાદી, પંચો, સાહેદો, સરકારી સાહેદો તથા એફએસએલ અધિકારી તથા કેસનાં તપાસ કરનારને તપાસના અંતે નામ કોર્ટ દ્વારા હાર્દિકભાલ ત્રિવેદીને નિર્દોષ છોડી મુકવા ધારાશાસ્ત્રી જે.આર. વાળાની દલીલો ગ્રાહ્ય રાખેલ.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### કચ્છ જિલ્લાને મેઘરાજાએ તરબોળ કરી નાખ્યું

# કચ્છમાં મેઘ તાંડવ, નખત્રાણાની બજારમાં નદી વહેતી થઈ

## પોરબંદર, દ્વારકા અને જામનગર સહિતના વિસ્તારોમાં સ્થળ ત્યાં જળની સ્થિતિ જોવા મળી હતી

કચ્છ, તા.૨૩

રાજ્યમાં અનેક જિલ્લામાં અવિરત મેઘ મહેર થઈ રહી છે. અગાઉ પોરબંદર, દ્વારકા અને જામનગરમાં અતિભારે વરસાદ પડતા પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. ત્યારે હવે કચ્છ જિલ્લમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યુ હતું. કચ્છના નખત્રાણા, અબડાસામાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત નખત્રાણા-લખપત-ભુજ રાજ્ય ધોરીમાર્ગ પર વરસાદના પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ અનેક જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે.

છેલ્લા કેટલાક દિવસથી વરસાદ સૌરાષ્ટ્ર પર મહેરબાન થયો હતો. પોરબંદર, દ્વારકા અને જામનગર સહિતના વિસ્તારોમાં સ્થળ ત્યાં જળની સ્થિતિ જોવા મળી હતી. ત્યારે હવે કચ્છ જિલ્લાને મેઘરાજાએ તરબોળ કરી નાખ્યું છે. મધરાતથી જ ભારે વરસાદને પગલે અનેક તાલુકાઓ જળબંબાકાર થયા હતા. નખત્રાણા અને અબડાસામાં તો મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા ૪ ઈંચ કરતા પણ વધારે વરસાદ વરસી ગયો હતો. જેના પગલે નીચાણવાળા વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા.

નખત્રાણા-લખપત-ભુજ રાજ્ય ધોરીમાર્ગ પર વરસાદના પાણી ફરી વળ્યા હતા. જેના પગલે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. કચ્છના માતાના મઢે દર્શન કરતા શ્રદ્ધાળુઓ પણ ધોરી માર્ગ બંધ રહેવાથી અટવાયા હતા. આ ઉપરાંત બારા ગામના નદી પરનો કોઝવે પાણીમાં ગરકાવ થયો છે. જ્યારે રૂકમણી નદી બે કાંઠે વહેતી થઈ છે.

### ચાંદીપુરા વાઇરસનો હાહાકાર જોવા મળ્યો

# વાઇરસે અત્યાર સુધીમાં ૩૬ બાળકોનો ભોગ લીધો

## આ ઉપરાંત તે ચાંદીપુરા વાઇરસનો ભોગ બનેલા વિસ્તારોની મુલાકાત લઈને તેનો સામનો કરવાની સ્થિતિની સમીક્ષા કરી શકે છે

અમદાવાદ, તા.૨૩

રાજ્યમાં ચાંદીપુરા વાઈરસનો હાહાકાર જોવા મળ્યો છે. વાઈરસે અત્યાર સુધીમાં ૩૬ બાળકોનો ભોગ લીધો છે. કેન્દ્રીય આરોગ્યની ટીમ ગુજરાતની મુલાકાત લઈ શકે છે. આ ઉપરાંત તે ચાંદીપુરા વાઈરસનો ભોગ બનેલા વિસ્તારોની મુલાકાત લઈને તેનો સામનો કરવાની સ્થિતિની સમીક્ષા કરી શકે છે.

રાજ્યભરમાં ચાંદીપુરા વાઈરસથી સંક્રમિત દર્દીઓના કેસમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે.. ચાંદીપુરા વાયરસના કારણે રાજ્યમાં વધુ ત્રણ બાળકનાં મોત થઈ ગયાં છે. બનાસકાંઠાના સુઈગામ, રાજકોટના ગોંડલના રાણસીકી તથા સુરતમાં ૧-૧ બાળકનાં મોત થઈ ગયાં છે. ચાંદીપુરા વાયરસના કારણે માત્ર બનાસકાંઠામાં જ બે દિવસમાં ૩ બાળકોના મોત નિપજ્યા છે.. ડીસા અને પાલનપુરના બાળકનાં મોત બાદ સુઈગામના બાળકનું પણ મોત નીપજ્યું છે.

પાલનપુરમાં બાળકનું મોત નિપજતાં આરોગ્ય વિભાગની ટમ દોડતી થઈ.. મૃતક બાળકીના ઘરે પાલનપુરના ધારાસભ્ય, જિલ્લા આરોગ્ય અધિકારી, નગરપાલિકા પ્રમુખ સહિત આરોગ્યની ટીમ અને નગરપાલિકાની ટીમ પહોંચી અને સમગ્ર વિસ્તારમાં દવાનો છંટકાવ કરી ઘરે ઘરે જઈને સર્વેની કામગીરી હાથ ધરી છે.

આ સિવાય સુરતમાં ચાંદીપુરા શંકાસ્પદ કેસમાં બાળકીનું મોત થઈ ગયું છે. ૧૧ વર્ષય બાળકીમાં લક્ષણ દેખાયાં હતાં.. આ બાળકીની સિવિલ હોસ્પિટલના PIC વોર્ડમાં સારવાર ચાલી રહી હતી. જોકે ૩૬ કલાકની સારવાર બાદ બાળકીનું મોત નીપજ્યું હતું. આ બાળકીમાં ઝાડા, ઊલટી,તાવ, માથાનો દુખાવો, ખેંચ લક્ષણો જોવા મળ્યાં હતાં.

આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે સાબરકાંઠા અને હિંમતનગરની વિવિધ સરકારી હોસ્પિટલોની મુલાકાત લઈને ચાંદીપુરા વાઈરસ સામે લડવાની તૈયારીની સમીક્ષા કરી હતી અને તેના માટેના સૂચનો પણ આપ્યા હતા. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ચાંદીપુરા વાઈરસથી ડરવાથી જરૂર નથી, પણ તકેદારી જરૂર રાખવી જોઈએ. તકેદારીમાં જ સમજદારી છે.

### સૌરાષ્ટ્રના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું

# CM ભુપેન્દ્ર પટેલે પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યુ

## મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ પોલીસ મહાનિદેશક વિકાસ સહાય પણ સાથે જોડાયા હતા

અમદાવાદ, તા.૨૩

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દેવ ભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિની જાત માહિતી મેળવવા મુખ્ય સચિવ રાજકુમાર સાથે આ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું.મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ પોલીસ મહાનિદેશક વિકાસ સહાય પણ સાથે જોડાયા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૮ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધારે વરસાદ દ્વારકાના કલ્યાણપુરમાં ૧૧ ઈંચ પડ્યો છે. માણાવદરમાં ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે વિસાવદરમાં ૯ ઈંચ વરસાદ પડ્યો હતો. તેમજ પલસાણા અને કેશોદમાં ૮.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તેમજ દ્વારકામાં પોણા ૮ ઈંચ અને કપરાડામાં ૮ ઈંચ વરસાજ વરસ્યો હતો.

આ ઉપરાંત વાપી, માળીયાહાટીના, ચીખલીમાં ૬ ઈંચ વરસાદ પડ્યો હતો. કામરેજ અને ઉપલેટામાં ૬ ઈંચ વરસાદ પડ્યો છે. તેમજ ૩૧ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. જો ટકાવારી અનુસાર વરસાદની વાત કરીએ તો આ સિઝનમાં ૪૪.૨૯ ટકા વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધારે સૌરાષ્ટ્રમાં ૬૬ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૫૦ ટકા અને ઉત્તર ગુજરાત-મધ્ય ગુજરાતમાં માત્ર ૨૪ ટકા વરસાદ પડ્યો છે.

### નીચાણવાળા વિસ્તારને એલર્ટ કરાયા

# જામનગરમાં ડેમ, જળાશયો અને ચેકડેમોમાં પણ ભારે પાણીની આવક નોંધાઈ

## નીચાણ વાળા વિસ્તારોને કાંઠા વિસ્તારમાં સાવચેતી જાળવવા માટે પણ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે

જામનગર, તા.૨૩

જામનગરમાં પણ આવી જ રીતે ડેમ અને જળાશયો અને ચેકડેમોમાં પણ ભારે પાણીની આવક નોંધાઈ છે. કાલાવાડ વિસ્તારમાં આવેલ ફુલઝર ૧ ડેમમાં પણ ભારે આવક પાણીની થઈ છે. જેને લઈ ડેમ ઓવરફ્લો થયો છે. નીચાણ વાળા વિસ્તારોને કાંઠા વિસ્તારમાં સાવચેતી જાળવવા માટે પણ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.સૌરાષ્ટ્રમાં સતત ધોધમાર વરસાદને લઈ સ્થાનિક નદીઓમાં પાણીની ભારે આવક થઈ રહી છે. જામનગરમાં પણ આવી જ રીતે ડેમ અને જળાશયો અને ચેકડેમોમાં પણ ભારે પાણીની આવક નોંધાઈ છે. કાલાવાડ વિસ્તારમાં આવેલ ફુલઝર ૧ ડેમમાં પણ ભારે આવક પાણીની થઈ છે. જેને લઈ ડેમ ઓવરફ્લો થયો છે.ફુલઝર-૧ ડેમ ઓવરફ્લો થવાને નદીના નીચાણ વાળા વિસ્તારને એલર્ટ કરવામાં આવ્યા છે. નીચાણ વાળા વિસ્તારોને કાંઠા વિસ્તારમાં સાવચેતી જાળવવા માટે પણ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. નદીમાં ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી રહી છે.

### ‘ટ્રમ્પ દેશ માટે ખતરનાક’

# પ્રમુખપદની રેસમાંથી હટી ગયા પછી પણ બિડેનનું વલણ નરમ નહોતું

## બેડેને ગત રવિવારે પત્ર લખીને અચાનક રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી

અમેરિકા તા.૨૩

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને બધાને ચોંકાવી દીધા અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. બિડેને આ રેસમાંથી ખસી જવાના તેમના નિર્ણયને સમર્થન આપ્યું અને તેને એકદમ યોગ્ય ગણાવ્યું. તેમણે કહ્યું કે તેઓ કમલા હેરિસ માટે જોરશોરથી પ્રચાર કરશે.બિડેને સમર્થકોને કમલા હેરિસને એ જ રીતે સમર્થન કરવાની અપીલ કરી છે જે રીતે તેઓ મને સમર્થન આપી રહ્યા છે. તેમણે કહ્યું કે ચૂંટણી પ્રચારનું નામ બદલાઈ ગયું છે પરંતુ મિશન હજુ બદલાયું નથી અને અમારું મિશન ડોનાલ્ડ ટ્રમ્પને હરાવવાનું છે.બિડેને તેની ટીમને કહ્યું કે જો મને કોરોના ન થયો હોત તો હું અહીં તમારી સાથે બેઠો હોત, તમારી સાથે ઊભો હોત. તમે લોકોએ જે કર્યું છે તેના પર મને ગર્વ છે. કોરોનાને કારણે હું આગામી ત્રણથી ચાર દિવસ સુધી લોકોને મળી શકીશ નહીં પરંતુ હું જલ્દી જ લોકોની વચ્ચે આવીશ. હું ક્યાંય જવાનો નથી. હું ઈચ્છું છું કે લોકો યાદ રાખે કે અમે ખૂબ સારું કામ કર્યું છે.તેમણે ચૂંટણી પ્રચાર ટીમને કમલા હેરિસને પૂરા દિલથી સમર્થન આપવા અને ટ્રમ્પને હરાવવા માટે એક થવા વિનંતી કરી છે. તેણે કહ્યું કે હું પ્રચાર ટીમને કહેવા માંગુ છું કે તે (કમલા) ઉત્તમ છે. હું તેમના પ્રયત્નો માટે દરેકનો આભાર માનું છું. હું જાણું છું કે ગઈ કાલના સમાચાર ચોંકાવનારા છે પણ મારો નિર્ણય સાચો હતો. હું જાણું છું કે તે તમારા માટે સરળ ન હતું કારણ કે તમે મને જીતવા માટે તમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા. પણ મેં સાચો નિર્ણય લીધો છે.બિડેને કહ્યું કે અલબત્ત ચૂંટણી પ્રચારનું નામ બદલવામાં આવ્યું છે પરંતુ અમારું મિશન હજુ બદલાયું નથી. હું કમલા હેરિસ માટે જોરદાર પ્રચાર કરીશ. આપણે લોકશાહી બચાવવાની જરૂર છે. ટ્રમ્પ આપણા સમુદાય અને દેશ માટે ખતરો છે. મારા વિદેશ નીતિના સાથીદારો, મારા સમકક્ષો અને વિશ્વભરના લોકોને પૂછો, તે હજુ પણ ખતરો છે. મને ખાતરી છે કે તમે મારા માટે જે પ્રકારની મહેનત કરી છે, તમે કમલા હેરિસને જીતવા માટે પણ તે જ કરશો.તમને જણાવી દઈએ કે બેડેને રવિવારે અચાનક પત્ર લખીને રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ ચૂંટણી નહીં લડે. બિડેનનો આ નિર્ણય ત્યારે આવ્યો જ્યારે ડેમોક્રેટિક પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને તેમના સમર્થકો તેમને તેમનું નામ પાછું ખેંચવાની અપીલ કરી રહ્યા હતા.

### પોસ્ટ વિભાગની શ્રાવણ માસમાં ભક્તોને મોટી ભેટ

# ઘરે બેઠા મળશે સોમનાથ આદિ જ્યોતિર્લિંગ મંદિરનો પ્રસાદ

## મંદિરનો પ્રસાદ શ્રાવણમાં તમારા ઘરે પહોંચાડશે જો કે આ માટે તમારે ૨૭૦ રૂપિયાનો ઈ-મની ઓર્ડર કરવાનો રહેશે

અમદાવાદ, તા.૨૩

શ્રાવણ માસમાં શિવ ઉપાસનાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરી આશીર્વાદ અને પ્રસાદ મળે. પરંતુ કેટલાક ભક્તો ઈચ્છા હોવા છતાં દર્શન કરી શકતા નથી. હવે આવા ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી. ટપાલ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો દેશના કોઈપણ ખૂણે ઘરે બેસીને ગુજરાતના જૂનાગઢ જિલ્લાના પ્રભાસપાટણ સ્થિત શ્રી સોમનાથ આદિ જ્યોતિર્લિંગ મંદિરનો પ્રસાદ મેળવી શકશે. આ માટે પોસ્ટલ વિભાગે શ્રાવણ મહિનામાં ખાસ વ્યવસ્થા કરી છે. ઉપરોક્ત માહિતી અમદાવાદ પ્રદેશના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે આપી હતી. પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે પોસ્ટલ વિભાગ શ્રી સોમનાથ મંદિરનો પ્રસાદ શ્રાવણમાં તમારા ઘરે પહોંચાડશે. જો કે આ માટે તમારે ૨૭૦ રૂપિયાનો ઈ-મની ઓર્ડર કરવાનો રહેશે.

પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે શ્રી સોમનાથ ટ્રસ્ટે ભક્તોને તેમના ઘરે બેસીને પ્રસાદ આપવા માટે ભારતીય ટપાલ વિભાગ સાથે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત-૩૬૨૨૬૮નો સંપર્ક કરી શકે છે. ૨૭૦ રૂપિયાનો ઈ-મની ઓર્ડર મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનો ઓર્ડર કરી શકે છે. આ ઈ-મની ઓર્ડર પર "પ્રસાદ માટે બુકિંગ"નો ઉલ્લેખ કરવાનો રહેશે ત્યારબાદ શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને ૪૦૦ ગ્રામ પ્રસાદનું પેકેટ સ્પીડ પોસ્ટ દ્વારા મોકલશે. હિંદુ પરંપરામાં શ્રાવણ મહિનાને વધુ પવિત્ર માનવામાં આવે છે. શ્રાવણ મહિનામાં ભગવાન શિવની ઉપાસનાનું માહાત્મ્ય છે. આ મહિનામાં અનેક શ્રદ્ધાળુઓ બાર જ્યોતિર્લિંગના દર્શન કરવા પણ જતા હોય છે. જો કે સંજોગોવશાત જે શ્રદ્ધાળુઓ જ્યોતિર્લિંગના દર્શન કરવા ના જઈ શકે તેમને પણ મંદિરના પ્રસાદનો વિશેષ લાભ મળશે. ગુજરાતના સોમનાથ મંદિરનો સમાવેશ બાર જ્યોતિર્લિંગમાં થાય છે. આગામી સમયમાં ગુજરાતમાં શ્રાવણ મહિનાની શરૂઆત થવાની છે ત્યારે પોસ્ટ વિભાગ દ્વારા ભક્તોને ખાસ સુવિધા આપવામાં આવી છે. જે શ્રદ્ધાળુઓ સોમનાથ જ્યોતિર્લિંગના દર્શન કરવા ના જઈ શકે તેઓ ઓનલાઈન દર્શન કરી શકે છે પરંતુ તેમને પ્રસાદનો લાભ મળતો નથી. તેવામાં પોસ્ટવિભાગની પહેલ દ્વારા ભક્તો સોમનાથ જ્યોતિર્લિંગનો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકશે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ ચણાના લોટના લાડુ, ૧૦૦ ગ્રામ તલની ચિક્કી અને ૧૦૦ ગ્રામ માવાની ચિક્કી સામેલ હશે. આ પ્રસાદ ઝડપથી સ્પીડ પોસ્ટ દ્વારા ભક્તોના ઘરે પહોંચાડવામાં આવશે.

### કર્મચારીઓ માટે મોટી જાહેરાત

# નવા કર્મચારીઓને પહેલા મહિનાનો પગાર આપશે સરકાર

## સરકારે રોજગારને પ્રોત્સાહન આપવા માટે ઈન્સેન્ટિવની ૩ સ્કીમ પણ જાહેર કરી

નવીદિલ્હી તા.૨૩

મોદી સરકારે ત્રીજા કાર્યકાળનું પહેલું બજેટ આજે સંસદમાં રજુ કરી દીધુ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સદનમાં બજેટ રજુ કર્યુ. આ બજેટમાં સૌથી પહેલા તેમણે રોજગારી અને યુવાઓ માટે જાહેરાત કરી. નાણામંત્રીએ યુવાઓ અને રોજગાર પર ફોકસ કરતા બજેટમાં મોટી જાહેરાત કરી. સરકારે રોજગાર અને કૌશલ તાલિમ સંબંધિત ૫ યોજનાઓ માટે ૨ લાખ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરી છે. સરકારે રોજગારને પ્રોત્સાહન આપવા માટે ઈન્સેન્ટિવની ૩ સ્કીમ પણ જાહેર કરી. નાણામંત્રીએ પોતાના બજેટના ભાષણમાં શરૂઆતમાં જ કહ્યું કે સરકાર રોજગારને વધારવા માટે કર્મચારી અને નિયોક્તા (એમ્પ્લોયર) બંનેની મદદ કરશે. નાણામંત્રીએ બજેટ ભાષણમાં ત્રણ મોટી જાહેરાત કરી છે. જેનો હેતુ ફર્સ્ટ ટાઈમ એમ્પ્લોયી માટે હશે. નાણામંત્રીએ કહ્યું કે સરકાર સંગઠિત ક્ષેત્રમાં રોજગાર મેળવનારા લોકોને પહેલા મહિનાનો પગાર આપશે. આ ઉપરાંત રોજગાર મેળવ્યાના ૪ વર્ષમાં ઈપીએફઓમાં સરકાર પણ પોતાનું કન્ટ્રીબ્યુશન આપશે. નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યું કે સરકાર નોકરીમાં પ્રવેશ કરનારા ૩૦ લાખ યુવાઓને એક મહિનાનો પીએફનું યોગદાન આપીને પ્રોત્સાહન આપશે. EPFO માં પહેલીવાર રજિસ્ટર્ડ કર્મચારીઓના એક માસના વેતનના ૧૫૦૦૦ રૂપિયા સુધીની રકમનો ત્રણ હપ્તામાં પ્રત્યક્ષ લાભ આપશે. કર્મચારીઓની સાથે સાથે નિયોક્તા (એમ્પ્લોયર)ને પણ સમર્થન અપાશે.

૧. EPFO હેઠળ પહેલીવાર રજિસ્ટર્ડ થનારા કર્મચારીઓને ૧ માસનું વેતન ૧૫૦૦૦ રૂપિયા સુધી ત્રણ હપ્તામાં ડાયરેક્ટ લાભ ટ્રાન્સફર દ્વારા પહોંચતું કરવામાં આવશે. ૨. રોજગાર મેળવ્યાના ચાર વર્ષમાં તેમને ઈપીએફઓ યોગદાન હેઠળ નિયોક્તા અને કર્મચારી બંનેને ડાયરેક્ટ પ્રોત્સાહન પ્રોવાઈડ કરવામાં આવશે. ૩. નિયોક્તાઓને સમર્થન આપવા માટે સરકારે બજેટમાં કહ્યું કે વધારાના કર્મચારીઓના બે વર્ષ સુધી તેમના પ્રતિમાસ યોગદાન ૩ હજાર સુધીની પ્રતિપૂર્તિ કરવામાં આવશે. બજેટ પ્રાયોરિટીઝ

આ વખતે સરકારે બજેટમાં ૯ પ્રાથમિકતાઓ પર ફોકસ કર્યુ છે. જે આ પ્રમાણે છે. ૧. પ્રોડક્ટિવિટી અને રિસાયલન્સ ઈન એગ્રિકલ્ચર કૃષિ

૨. એમ્પ્લોયમેન્ટ એન્ડ સ્કિલિંગ રોજગાર

૩. ઈક્લુઝિવ ઊંઈઢ અને સોશિયલ જસ્ટિસ સામાજિક ન્યાય૪. MFG & સર્વિસિસ વિનિર્માણ અને સેવાઓ ૫. અર્બન ડેવલપમેન્ટ શહેરી વિકાસ ૬. એનર્જી સિક્યુરિટી ઉર્જા સુરક્ષા ૭. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાગત સુવિધાઓ ૮. ઈનોવેશન, અનુસંધાન અને વિકાસ ૯. નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ આગામી પેઢીના સુધારા

### ૨૯ ઇંચ કરતાં વધારે વરસાદ થતાં અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઇ

# પોરબંદરમાં ભારે વરસાદ અને પૂરને કારણે ખેડુતોને પાક નુકસાન અને ખેતરમાં ધોવાણની સમસ્યા સર્જાઈ

## ખેડૂતોએ વાવેલ મગફળી, કપાસ, સોયાબીન જેવા વાવેતરવાળા પાકોને ભારે નુકસાન થયું છે

પોરબંદર, તા.૨૩

પોરબંદર જિલ્લામાં થયેલા ભારે વરસાદ અને પૂરને કારણે ખેડુતોને પાક નુકશાન અને ખેતરમાં ધોવાણની સમસ્યા સર્જાઈ છે. ત્યારે પોરબંદરના માન. ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાએ રાજયના માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને માનનીય કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર લખીને પોરબંદર જીલ્લામાં થયેલા ભારે વરસાદ અને પૂરને કારણે ખેડુતોને પાક નુકશાની અને ખેતર ધોવાણ અંગે તત્કાલ સર્વે કરાવી સહાય ચુકવવા માંગ કરી છે.અર્જુનભાઈ મોઢવાડિયાએ પત્રમાં જણાવ્યું છે કે પોરબંદર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૯ઈંચ કરતાં વધારે વરસાદ થતાં અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઈ છે.ભારે વરસાદના કારણે પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા તાલુકામાં નદી, વોંકળાઓમાં ભારે પૂર આવેલ છે. જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર સંપર્ક વિહોણો થયાં બાદ હવે પૂર ઓસરવાની શરૂઆત થઈ છે. ખેડૂતોએ વાવેલ મગફળી, કપાસ, સોયાબીન જેવા વાવેતરવાળા પાકોને ભારે નુકસાન થયું છે. આ ઉપરાંત ભારે પૂરને કારણે ખેડૂતોના ખેતરોમાં ધોવાણ થયું છે.અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું છે કે ઘેડ વિસ્તારમાં પણ આ વર્ષે ઘણા ગામોમાં મગફળીનું વાવેતર થયેલું હતું. આ વાવેતરનો મોટો હિસ્સો નાશ પામતા ખેડૂતોને અસહ્ય નુકસાન ગયું છે. આ સંજોગોમાં ખેડૂતોને મદદરૂપ થવા માટે ખેડૂતોના પાકને થયેલ નુકસાનીનો રાજ્યના કૃષિ વિભાગ મારફતે સર્વે કરાવીને રાજ્ય સરકારની "મુખ્યમંત્રી કિસાન યોજના" તથા SDRF યોજના અવન્યે સહાય આપવા તથા ખેડૂતોના ખેતરોને થયેલ ધોવાણ માટે પણ સર્વે કરાવીને ખેતરોને સમથળ કરવા સહાય આપવામાં આવે.

### મધ્યમવર્ગીય લોકો બજેટમાં સૌથી મોટી જાહેરાત

# નિર્મલા સીતારમણે દેશના સામાન્ય નાગરિકોને મોટી ભેટ આપી

## પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ નવા મકાન બનાવી આપવાની જાહેરાત કરી છે.

નવીદિલ્હી તા.૨૩

આજે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પહેલું બજેટ રજૂ થવા જઈ રહ્યું છે. દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણ સાતમી વાર બજેટ રજૂ કરી રહ્યા છે અને સાથે રેકોર્ડ બનાવી રહ્યા છે. બજેટને લઈને લોકોને અનેક આશા છે. નાણામંત્રીના પટારામાંથી તેમના માટે શું નીકળશે તેની રાહત દરેક સેક્ટરના લોકો જોઈ રહ્યા છે. આજનું બજેટ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો પાયો નાંખશે. ત્યારે બજેટ દરમિયાન નિર્મલા સીતારમણે મોટી જાહેરાત કરી છે. તેમણે પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ નવા મકાન બનાવી આપવાની જાહેરાત કરી છે.

બજેટની મહત્વની જાહેરાતો

પીએમ આવાસ યોજના હેઠળ ૩ કરોડ નવા મકાનોની જાહેરાત મહિલા સંબંધિત યોજનાઓ માટે ૧૩ લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે

ગ્રામીણ વિકાસ, ઈન્ફ્રા માટે ૧૨.૬૬ લાખ કરોડ મંજૂર MSME ને મદદ કરવા માટે ધિરાણ, નિયમનકારી ફેરફારોની જાહેરાત મેન્યુફેક્ચરિંગમાં MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમની જાહેરાત MSME ક્રેડિટ ગેરંટી સ્કીમ હેઠળ ગીરો વગર લોન ઉપલબ્ધ થશે

પીએમ અર્બન હાઉસિંગ પ્લાન માટે ૨૧૦ લાખ કરોડની જાહેરાત

રેન્ટલ હાઉસિંગના પ્રચાર અને નિયમન માટે નિયમો બનાવશે

સ્ટેમ્પ ડ્યુટી ઘટાડનારા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે ઊર્જા સંક્રમણ માટે નવી નીતિ લાવવામાં આવશે સરકારે જૂન ૨૦૧૫માં PMAYની શરૂઆત કરી હતી. આ યોજના ગ્રામીણ ભારત અને શહેરી ભારત બંનેમાં ચલાવવામાં આવે છે. ગ્રામીણ ભારતમાં, તે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ (PMAY-G) તરીકે ચલાવવામાં આવે છે અને શહેરોમાં, તે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી (PMAY-U) તરીકે ચલાવવામાં આવે છે. પીએમ આવાસ યોજના હેઠળ સરકાર હોમ લોન પર સબસિડી આપે છે. સબસિડીની રકમ ઘરના કદ અને આવક પર આધારિત છે. આ યોજના હેઠળ, બેંકોને ઓછા વ્યાજ દરે હોમ લોન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. યોજના હેઠળ હોમ લોન માટે મહત્તમ પુનઃચુકવણી સમયગાળો ૨૦ વર્ષ છે.ગઈકાલે રાષ્ટ્રપતિએ તેમના ભાષણમાં પણ કહ્યું હતું કે, બજેટ સરકારની દૂરગામી નિતિઓ અને ભવિષ્યના વિઝનો પ્રભાવી દસ્તાવેજ હશે, ખેડૂતો, મહિલાઓ, નોકરિયાત વર્ગ, બિઝનેસમેન, વેપારીઓને આશા છે કે નાણામંત્રી તેમના માટે કાંઈક ને કાંઈક ભેટ લઈને જ બજેટ રજૂ કરશે

# ભાજપ અને સંઘ વચ્ચેના મતભેદો તીવ્ર બન્યા હોવાનાં એંધાણ

## ભાજપ અને સંઘના નેતાઓ વચ્ચેની સમન્વય બેઠક છેલ્લી ઘડીએ રદ

નવીદિલ્હી, તા.૨૩

ઉત્તરપ્રદેશમાં ભાજપ અને સંઘના નેતાઓ વચ્ચેની સમન્વય બેઠક છેલ્લી ઘડીએ રદ કરાતાં ભાજપ અને સંઘ વચ્ચેના મતભેદો તીવ્ર બન્યા હોવાનાં એંધાણ છે. સૂત્રોનું કહેવું છે કે, નરેન્દ્ર મોદીએ સંઘને ભાજપની આંતરિક બાબતોથી દૂર રહેવાનું કહી દેતાં સંઘના સહસરકાર્યવાહ અરૂણ કુમાર સાથેની ઉત્તર પ્રદેશના ભાજપના દિગ્ગજ નેતાઓની બેઠક સ્થગિત રખાઈ છે. સંઘની મધ્યસ્થીથી ભાજપનો ઝગડો શાંત પડે તેના કારણે ભાજપ સંઘના ઈશારે ચાલે છે અને ભાજપના નેતા સંઘની કઠપૂતળી છે એવી છાપ ના પડે એટલે મોદીએ સંઘને દૂર રહેવા કહી દીધું હોવાનું કહેવાય છે.

સૂત્રોના મતે, સંઘ અત્યારે નરેન્દ્ર મોદી અને તેમની નજીકના નેતાઓના બદલે યોગી આદિત્યનાથની તરફેણમાં ઢળેલો હોવાથી આ બેઠકના કારણે યોગી વધારે મજબૂત બનશે એવો ડર લાગતાં બેઠક જ રદ કરી દેવાઈ છે.

યુપીમાં ભાજપની આંતરિક ખેંચતાણ બહુ વધી જતાં સંઘે દખલગીર કરવી પડી છે એવો મેસેજ ના જાય એ પણ એક કારણ છે. આ બેઠક હવે ફરી ક્યારે મળશે એ સ્પષ્ટ નથી. લખનઉમાં ૨૦ અને ૨૧ જુલાઈ એટલે કે શનિવારે અને રવિવારે એમ બે દિવસ માટે મળનારી બેઠકમાં યુપીના સંઘના ટોચના નેતાઓ ઉપરાંત ભાજપ તરફથી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ નાયબ મુખ્યમંત્રીઓ કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રિજેશ પાઠક , યુપી ભાજપ પ્રમુખ ભૂપેન્દ્ર ચૌધરી અને સંગઠન મહામંત્રી ધર્મપાલ હાજર રહેવાના હતા.

યોગી આદિત્યનાથે આ બેઠકને કારણે શનિવાર અને રવિવાર એમ બે દિવસના તેમના તમામ સરકારી કાર્યક્રમો પણ રદ કરી દીધા હતા. ભાજપ અને સંઘ વચ્ચે સંકલનની જવાબદારી સંભાળતા અરૂણ કુમાર શુક્રવારે સાંજે લખનઉ પહોંચવાના હતા પણ અરૂણ કુમાર લખનઉ પહોંચ્યા નહોતા. તેના બદલે જાહેરાત કરાઈ કે આ બેઠક સ્થગિત રખાઈ છે.

આ બેઠકમાં ભાજપ અને સંઘના નેતા લોકસભાની ચૂંટણીમાં ભાજપને યુપીમાં મળેલી કારમી પછડાટનાં કારણોની ચર્ચા કરવાના હતા. આ ઉપરાંત ભવિષ્યમાં ભાજપ અને સંઘ વચ્ચે કઈ રીતે વધારે સારી રીતે સંકલન થઈ શકે તેની વ્યૂહરચના પણ ઘડાવાની હતી. યુપીમાં વિધાનસભાની ૧૦ બેઠકોની પેટાચૂંટણી ટૂંક સમયમાં યોજાવાની છે. પેટાચૂંટણીમાં સંઘ ભાજપને પૂરી તાકાતથી મદદ કરે એ માટે સ્વયંસેવકોની ફરિયાદોનો મુદ્દો પણ એજન્ડામાં હોવાનું કહેવાતું હતું. સંઘના સહ સરકાર્યવાહ અરૂણ કુમારની ભાજપના નેતાઓની બેઠક રદ કરાવીને મોદીએ ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાના વલણને સમર્થન આપી દીધું છે અને નડ્ડાના નિવેદન પાછળ કોણ હતું એ પણ સ્પષ્ટ કરી દીધું છે. લોકસભાની ચૂંટણી પ્રચાર દરમિયાન નડ્ડાએ કહેલું કે, ભાજપને હવે સંઘની મદદની જરૂર નથી. ભાજપ એટલો મોટો થઈ ગયો છે કે પોતાની બાબતોને જાતે જ હેન્ડલ કરી શકે છે.

વાજપેયીજીના સમયમાં ભાજપ નબળો હતો તેથી સંઘની મદદની જરૂર પડી હશે પણ હવે અમે પોતે સક્ષમ છીએ. નડ્ડાના નિવેદનથી નારાજ સંઘના સ્વયંસેવકો ચૂંટણી પ્રચારમાં ભાજપને મદદ કરવાથી દૂર રહ્યાનું મનાય છે.

# ગીર અભ્યારણમાં આવેલ કમલેશ્વર ડેમ છલકાયો

## સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની હજુ પણ સંભાવનાઓ છે આ દરમિયાન સૌરાષ્ટ્રના મોટાભાગના ડેમ અને જળાશય ભરાઈ જવા પામ્યા છે

ગીર સોમનાથ, તા.૨૩

કમલેશ્વર ડેમ પણ સંપૂર્ણ છલોછલ ભરાઈ જવાને લઈ જળાશયના નીચાણના વિસ્તારોમાં નદીમાં જળસ્તર વધવાની સ્થિતિને લઈ નદી કાંઠાના અને નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. ડેમ ગીર અભ્યારણમાં આવેલ છે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની હજુ પણ સંભાવનાઓ છે. આ દરમિયાન સૌરાષ્ટ્રના મોટાભાગના ડેમ અને જળાશય ભરાઈ જવા પામ્યા છે.ગીર સોમનાથમાં ભારે વરસાદને લઈ સ્થાનિક નદીઓમાં પૂરની સ્થિતિ છે. સ્થાનિક નદીઓ પરના ડેમ જળાશયોમાં પણ પાણીની મોટી આવક નોંધાઈ રહી છે. કમલેશ્વર ડેમ પણ સંપૂર્ણ છલોછલ ભરાઈ જવાને લઈ જળાશયના નીચાણના વિસ્તારોમાં નદીમાં જળસ્તર વધવાની સ્થિતિને લઈ નદી કાંઠાના અને નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. નદીમાં પાણીની ભારે આવકને લઈ હવે કમલેશ્વર હીરણ-૧ ડેમમાંથી પાણી નદીમાં વધવાની સ્થિતિને લઈ નીચાણ વાળા ગામોને સાવચેત કરવામાં આવ્યા છે. ડેમ ગીર અભ્યારણમાં આવેલ છે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની હજુ પણ સંભાવનાઓ છે. આ દરમિયાન સૌરાષ્ટ્રના મોટાભાગના ડેમ અને જળાશય ભરાઈ જવા પામ્યા છે.

### દેશની આર્થિક પ્રગતિ સાચા માર્ગ પર છે : નાણામંત્રી

# કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કર્યું

## યુવાનોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ભથ્થું પણ આપવામાં આવશે નાણામંત્રીએ આવકવેરાના સ્લેબમાં મોટા ફેરફારોની જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૨૩

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કર્યું છે. નિર્મલા સીતારમણે બજેટમાં અનેક મહત્ત્વની જાહેરાતો કરી છે. ઉલ્લેખનીય છે કે બજેટ રજૂ કરતા દરમિયાન નાણામંત્રીએ કહ્યું હતું કે સરકારનું ધ્યાન 'ગરીબો, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો પર છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આવકવેરાના સ્લેબમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. હવે સ્ટાન્ડર્ડ ડિડક્શન લિમિટ ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવી છે. આ સિસ્ટમમાં ૩ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગશે નહીં. ૩ થી ૭ લાખ રૂપિયાની આવક પર ૫ ટકા ટેક્સ ચૂકવવો પડશે. જો આવક ૭ થી ૧૦ લાખ રૂપિયા હોય તો ૧૦ ટકાના દરે ઈક્મ ટેક્સ વસૂલવામાં આવશે. ૧૦ થી ૧૨ લાખની કરપાત્ર આવક પર ૧૫ ટકાના દરે ટેક્સ વસૂલવામાં આવશે. તેમજ ૧૨ થી ૧૫ લાખની કરપાત્ર આવક પર ૨૦ ટકા ટેક્સ ભરવો પડશે. આ ઉપરાંત ૧૫ લાખથી વધુની કરપાત્ર આવક પર ૩૦ ટકાના દરે ટેક્સ વસૂલવામાં આવશે.

ભારતની આર્થિક પ્રગતિ સાચા માર્ગ પર છે. ભારતનો ફુગાવો નીચો અને સ્થિર છે. ભારતમાં ફુગાવાનો દર ૪ ટકાના લક્ષ્ય તરફ છે. ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સરખામણીમાં ઘણી સારી સ્થિતિમાં છે.

સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો પર છે તેમજ રોજગાર સર્જનની તકો પર પણ ધ્યાન કેન્દ્રિત છે. રોજગારીની તકો માટે ૫ યોજનાઓ જાહેર કરવામાં આવી છે. વચગાળાના બજેટમાં અમે વિકસિત ભારત માટે રોડમેપનું વચન આપ્યું હતું. સરકારે રોજગાર માટે ૨ લાખ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે 'સરકાર આગામી પાંચ વર્ષમાં ટોપ-૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશિપની તક આપશે. આ ઈન્ટર્નશિપ ૧૨ મહિના માટે હશે. આમાં, યુવાનોને વ્યવસાયના વાસ્તવિક વાતાવરણને જાણવાની અને વિવિધ વ્યવસાયોના પડકારોને જાણવાની તક મળશે.

આ અંતર્ગત યુવાનોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ભથ્થું પણ આપવામાં આવશે. આટલું જ નહીં, તેમને છ હજાર રૂપિયા એકમુશ્ત મદદ તરીકે આપવામાં આવશે. કંપનીઓએ તેમની કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગરૂપે તાલીમ ખર્ચ અને ૧૦ ટકા ઈન્ટર્નશિપ ખર્ચ સહન કરવો પડશે.

નાણામંત્રીએ દેશના પૂર્વના રાજ્યોના વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. કેન્દ્રએ બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશના વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. આ અંતર્ગત માનવ સંસાધન વિકાસ અને મૂળભૂત વિકાસ પર ધ્યાન આપવામાં આવશે. આ યોજનામાં બિહાર માટે ઘણી ભેટની જાહેરાત કરાઈ છે. અમૃતસર-કોલકાતા ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર હેઠળ ગયામાં એક ઔદ્યોગિક કેન્દ્ર બનાવવામાં આવશે. સાંસ્કૃતિક કેન્દ્રોને આધુનિક આર્થિક કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવશે. આ મોડલનું નામ હશે 'વિકાસ ભી વિરાસત ભી'. ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે આ વખતે બજેટમાં ૧.૫૨ લાખ કરોડની મસમોટી જાહેરાત કરવામાં આવી છે. આ ફંડની મદદથી કૃષિ ક્ષેત્રને બને તેટલો ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. ખેતીની ઉત્પાદકતા વધારવા માટે પગલાં લેવામાં આવશે. વધારે ઉપજ આપતા પાકની જાતો (પ્રકાર)નો ઉપયોગ કરવામાં આવશે.

સંશોધનને પ્રોત્સાહ આપવામાં આવશે. સરકાર કુદરતી ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાકના ઉત્પાદન, સંગ્રહ અને માર્કેટિંગ માટેની વ્યવસ્થા કરવામાં આવશે. શિક્ષણ અને કૌશલ્ય માટે રૂ. ૧.૪૮ લાખનો ખર્ચ થશે. શાકભાજીના ઉત્પાદન અને સપ્લાય ચેઈન માટે ક્લસ્ટર બનાવવામાં આવશે. ૪૦૦ જિલ્લામાં પાકનો સર્વે કરવામાં આવશે તેમજ ૩૨ પાકોની ૧૦૯ નવી જાતો રજૂ કરવામાં આવશે.

નાણામંત્રીએ MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ ૧૦૦ કરોડ રૂપિયા સુધીની લોન મળશે. PSU અને બેંકોને આંતરિક આકારણી બાદ MSMEને લોન આપવાનો નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત મુદ્રા લોનની મર્યાદા ૧૦ લાખ કરોડ રૂપિયાથી વધારીને ૨૦ લાખ કરોડ રૂપિયા કરવામાં આવી છે. MSMEને મદદ કરવા SIDBI શાખાઓ વધારશે.

નાણામંત્રીએu PM અર્બન હાઉસિંગ પ્લાન માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. નાણામંત્રીએ કહ્યું કે રેન્ટલ હાઉસિંગને પ્રોત્સાહન અને રેગ્યુલેશન કરવા માટે નિયમો બનાવવામાં આવશે. સ્ટેમ્પ ડ્યુટી ઘટાડનારા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. એનર્જી ટ્રાંન્જિશન માટે નવી નીતિ લાવવામાં આવશે. એક કરોડ ઘરો માટે પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. મહિલાઓના નામની નોંધણી પર સ્ટેમ્પ ડ્યુટીમાં રાહતનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નાના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ખાનગી ક્ષેત્રના સહયોગથી બનાવવામાં આવશે.

મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની ૧૦૦ થી વધુ શાખાઓ ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં સ્થાપિત કરવામાં આવશે. રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલાવરમ સિંચાઈ યોજના પૂર્ણ કરવામાં આવશે. વિશાખાપટ્ટનમ-ચેન્નઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં કોપર્થી વિસ્તાર અને હૈદરાબાદ-બેંગલુરુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં ઓરવાકલ વિસ્તારના વિકાસ માટે ફંડ આપવામાં આવશે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ માં દર વર્ષે ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓની મદદ માટે મોડેલ સ્કીલ લોન યોજનામાં સુધારાનો પ્રસ્તાવ મૂકાયો છે. ઘરેલુ સંસ્થાનોમાં હાયર એજ્યુકેશન માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન માટે ઈ વાઉચર દર વર્ષે ૧ લાખ વિદ્યાર્થીઓને સીધી લોન રકમના ૩%ની વાર્ષિક વ્યાજ છૂટ માટે અપાશે.

સરકારે આ વખતે તેની નવ પ્રાથમિકતા નક્કી કરી છે જેમાંથી એક રોજગાર અને કૌશલ્ય વિકાસ છે. તે હેઠળ પહેલીવાર નોકરી કરનારાઓને મોટી મદદ કરાશે. . પ્રથમ વખત ઔપચારિક ક્ષેત્રમાં નોકરી શરૂ કરનારાઓને એક મહિનાનો પગાર આપવામાં આવશે. આ પગાર ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ત્રણ હપ્તામાં આપવામાં આવશે. તેની મહત્તમ રકમ ૧૫ હજાર રૂપિયા હશે. EPFOમાં નોંધાયેલા લોકોને આ મદદ મળશે. તેની એલિજિબિલિટી મર્યાદા ૧ લાખ રૂપિયા પ્રતિ માસ હશે. તેનાથી ૨.૧૦ કરોડ યુવાનોને ફાયદો થશે.

બિહારના વિકાસ માટે વિવિધ સહાય પ્રદાન કરવામાં આવશે. આંધ્રપ્રદેશ માટે જીવાદોરી સમાન પોલ્લાવરમ ઈરિગેશન પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. જેનો સીધો લાભ ખેડૂતોને મળશે. તેના આર્થિક વિકાસ માટે મૂડી સહાય પણ પ્રદાન કરશે. બજેટમાં આંધ્ર પ્રદેશના CM નાયડુને 'ભેટ', રાજધાની અમરાવતીના વિકાસ માટે રૂ. ૧૫૦૦૦ કરોડ ફાળવાયા.

ઉપરાંત બજેટમાં અન્ય મોટી જાહેરાતો પણ કરવામાં આવી છે. જેમાં વિષ્ણુપદ મંદિર, ગયા અને મહાબોધિ મંદિર, બોધગયા બંનેમાં કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. કાશી વિશ્વનાથ મંદિર માટે બનાવવામાં આવેલા કોરિડોર હેઠળ વિકાસ કરવામાં આવશે.

રાજગીર બૌદ્ધ અને જૈન ભક્તો માટે પણ મહત્વપૂર્ણ છે. રાજગીરના યાત્રાધામ વિસ્તારોનો પણ વિકાસ કરવામાં આવશે. નાલંદાને પ્રવાસન કેન્દ્ર તરીકે પણ વિકાસ કરવામાં આવશે. આ સિવાય નેશનલ રિસર્ચ ફંડ શરૂ કરવામાં આવશે. તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જીડીપીના ૩.૪ ટકા જેટલું રોકાણ કરવામાં આવશ

### બજેટની પ્રત્યેક વિગતો મુદ્દા સહિત

# પ્રથમ નોકરીવાળાને ૧૫ હજાર, ૧ કરોડ મકાન, ટેક્સ છૂટ

## બજેટમાં નીતીશ કુમારનું બિહાર અને ચંદ્રબાબુ નાયડુનું આંધ્રપ્રદેશ છવાયેલું રહ્યું છે

નવી દિલ્હી, તા.૨૩

મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ આવી ગયું છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે ૨૦૨૪-૨૫ માટે બજેટ રજૂ કર્યું હતું. બજેટની શરૂઆત કરતા નિર્મલા સીતારમણે કહ્યું કે લોકોએ મોદી સરકાર પર ભરોસો વ્યક્ત કર્યો છે. બજેટમાં નીતીશ કુમારનું બિહાર અને ચંદ્રબાબુ નાયડુનું આંધ્રપ્રદેશ છવાયેલું રહ્યું છે. બંને રાજ્યોને ઘણી ભેટ મળી છે. બિહારમાં ૪૦ હજાર કરોડ રૂપિયા તો આંધ્રમાં ૧૫ હજાર કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કેન્દ્ર સરકાર કરવા જઈ રહી છે.

આ વખતે બજેટમાં નોકરીઓ અને સ્કિલ ડેવલોપમેન્ટ પર પણ ફોક્સ રહ્યો છે. સરકારે નોકરીઓ વધારવા માટે કંપનીઓને ઈન્સેન્ટિવ આપવાની પણ જાહેરાત કરી છે. આ સિવાય એક કરોડ ગરીબ પરિવારોને ઘર આપવાનો વાયદો પણ કરવામાં આવ્યો છે. ઈક્મ ટેક્સને લઈને પણ મોટી જાહેરાત કરવામાં આવી છે. નવી ટેક્સ રિજિમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જૂની ટેક્સ રિજિમમાં કંઈ જ ફેરફાર થયો નથી.

કોને-કોને શું મળ્યું આજે ?

ખેડૂતઃ નેચરલ ફાર્મિંગ પર જોર આપવામાં આવ્યું છે. બે વર્ષમાં ૧ કરોડ ખેડૂતોને નેચરલ ફાર્મિંગમાં મદદ કરવામાં આવશે. ૩૨ પાકોની ૧૦૯ જાતો લાવવામાં આવશે. પાકોનો ડિજિટલ સર્વે થશે. ૬ કરોડ ખેડૂતો અને તેમની જમીનોને રજિસ્ટ્રીમાં નોંધાવવામાં આવશે. ૨૦૨૪-૨૫માં કૃષિ અને તેની સાથે જોડાયેલા સેક્ટર માટે ૧.૫૨ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

નોકરીઓઃ રોજગાર માટે ત્રણ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. પ્રથમ જોબમાં ૧ લાખ રૂપિયાથી ઓછી સેલેરી હોવા પર ઈપીએફઓમાં પ્રથમ વખત રજિસ્ટર કરનારને ૧૫ હજાર રૂપિયાની મદદ સરકાર કરશે. તેનાથી ૨.૧૦ કરોડ યુવાઓને ફાયદો થશે. રોજગાર આપવા પર સરકાર ઈન્સેન્ટિવ આપશે. ૧ લાખ રૂપિયાથી ઓછી સેલેરીવાળા કર્મચારીઓ રાખવા પર સરકાર નિમણૂંક કરનાર એમ્પ્લોયરના ઈર્ર્ફ અંશદાનમાં દર મહિને ૩ હજાર રૂપિયા આપશે.

શિક્ષણઃ મોડલ સ્કિલ લોન સ્કીમને સંશોધિત કરવામાં આવશે. જેનાથી ૭.૫ લાખ સુધીની લોન મળશે. સમગ્ર હાયર એજ્યુકેશન માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન મળશે. લોન પર ૩ ટકાનું વ્યાજ સરકાર આપશે. લોન પર ૩ ટકાનું વ્યાજ સરકાર આપશે. તેના માટે ઈ-વાઉચર્સ આવશે, જે દર વર્ષે એક લાખ વિદ્યાર્થીઓને મળશે.

મહિલાઓઃ મહિલાઓ અને બાળકોને લાભ પહોંચાડનારી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા. વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવામાં આવશે. હોસ્ટેલ અને ક્રેચની સુવિધાઓથી વર્કફોર્સમાં મહિલાઓની ભાગીદારી વધારવામાં આવશે.

બિહારઃ ૨૬ હજાર કરોડના ખર્ચથી પટના-પૂર્ણિયા એક્સપ્રેસવે, બક્સર-ભાગલપુર એક્સપ્રેસવેનો વિકાસ થશે. બક્સરમાં ગંગા-નદી પર ૨ લેન વાળો નવો પુલ બનશે. ૨૧,૪૦૦ કરોડના ખર્ચથી વિદ્યુત પરિયોજનાઓ શરૂ થશે. પુરથી બચવા માટે ૧૧,૫૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે. નવું એરપોર્ટ, મેડિકલ અને સ્પોર્ટ્સ પ્રોજેક્ટ શરૂ થશે.

આંધ્રપ્રદેશઃ ૧૫ હજાર કરોડ રૂપિયાનું સ્પેશિયલ પેકેજ મળશે. પોલાવરમ સિંચાઈ પરિયોજનાને ઝડપથી પૂરી કરવામાં આવશે. વિશાખાપટ્ટનમ-ચેન્નાઈ ઈકોનોમિક કોરિડોરમાં કોપ્પાથી ક્ષેત્ર અને હૈદરાબાદ-બેંગલુરુ ઈકોનોમિક કોરિડોરમાં ઓરવાકલ ક્ષેત્રમાં પાણી, વીજળી, રેલવે અને રસ્તાઓ માટે ફન્ડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઉદ્યોગઃ મુદ્રા યોજના અંતર્ગત લોનની સીમા ૧૦ લાખથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. ખરીદનારાઓને ટ્રેડર્સ પ્લેટફોર્મમાં સામેલ કરવા માટે કારોબારની સીમા ૫૦૦ કરોડથી ઘટાડીને ૨૫૦ કરોડ કરવામાં આવી છે. એમએસએમઈ સેક્ટરમાં ૫૦ મલ્ટી-પ્રોડક્ટ ફૂડ ઈરેડિએશન યુનિટ સ્થાપિત કરવા માટે નાણાંકીય સહાયતા આપવામાં આવશે. સ્જીસ્ઈ તેના ઉત્પાદનોને ઈન્ટરનેશનલ બજારોમાં વેચી શકે તેના માટેઁ મોડમાં ઈ-કોમર્સ એક્સપોર્ટ હબ તૈયાર કરવામાં આવશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ અમૃતસર-કોલકાતા ઈકોનોમિક કોરિડોર પર ગયામાં ઔદ્યોગિક કેન્દ્રનો વિકાસ થશે. પીએમ ગ્રામ સડક યોજનાનો ફેઝ-૪ શરૂ થશે, જેના અંતર્ગત ૨૫ હજાર ગ્રામીણ વસવાટોમાં રસ્તાઓ બનાવવામાં આવશે. ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ૧૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયા ખર્ચ થશે.

યુવાઃ ટોપ ૫૦૦ કંપનીઓમાં આગામી પાંચ વર્ષમાં ૧ કરોડ યુવાઓને ઈન્ટર્નશીપ કરવાની તક મળશે. પ્રધાનમંત્રી પેકેજ અંતર્ગત યુવાઓને ૧૨ મહિનાની ઈન્ટર્નશીપમાં ૫ હજાર રૂપિયાનું દર મહિને ભત્તુ અને ૬ હજાર રૂપિયાની સહાય કરાશે.

પોતાનું ઘરઃ પીએમ આવાસ યોજના-અર્બન ૨.૦ અંતર્ગત ૧ કરોડ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘર મળશે. તેના માટે ૧૦ લાખ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. સસ્તા વ્યાજ દરે લોન મળે, તેના માટે વ્યાજ સબસિડી પણ શરૂ થશે.

પર્યટનઃ ગયાના વિષ્ણુપદ મંદિર અને બોધગયામાં મહાબોધિ મંદિરને વિશ્વસ્તરીય તીર્થ સ્થળના રૂપમાં વિકસિત કરવા માટે સહાયતા કરવામાં આવશે. નાલંદાને પર્યટન કેન્દ્ર તરીકે વિકાસ કરવામાં આવશે. ઓડિને ટુરિસ્ટ સ્પોટ બનાવવા માટે સહાયતા કરવામાં આવશે.

હેલ્થઃ કેન્સરની બીજી ત્રણ દવાઓને કસ્ટમ ડ્યુટી ફ્રી કરવામાં આવી છે. તેનાથી દવાઓ સસ્તી થશે. એક્સરે મશીન બનાવવામાં ઉપયોગમાં લેવાતી એક્સ-રે-ટ્યુબ અને ફ્લેટ પેનલ ડિટેક્ટરો પર પણ કસ્ટમની ડ્યુટી ઘટાડવામાં આવી છે.

ઈલેક્ટ્રોનિક્સઃ મોબાઈલ ફોન અને મોબાઈલ ચાર્જર પર લાગતી બેસિક કસ્ટમ ડ્યુટીને ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવી છે. કેટલાક દૂરસંચાર ઉપકરણોની આયાત મોંઘી થશે.

ઈક્મ ટેક્સઃ નવી ટેક્સ રિજિમમાં ૩ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નથી. ૩થી ૭ લાખ પર ૫ ટકા, ૭થી ૧૦ લાખ પર ૧૦ ટકા, ૧૦થી ૧૨ લાખ પર ૧૫ ટકા, ૧૨થી ૧૫ લાખ પર ૨૦ ટકા ટેક્સ લાગશે. ૧૫ લાખથી વધુ વાર્ષિક આવકની કમાણી પર ૩૦ ટકા ટેક્સ. સ્ટાન્ડર્ડ ડિડક્શનની લિમિટ ૫૦ હજારથી વધારીને ૭૫ હજાર કરવામાં આવી છે.

કોર્પોરેટ ટેક્સઃ ઈ-કોમર્સ ઓપરેટરો પર ટીડીએસના દરોને ૧ ટકાથી ઘટાડીને ૦.૧ ટકા કરવામાં આવ્યો છે. વિદેશી કંપનીઓ પર કોર્પોરેટ ટેક્સના દર ૪૦ ટકાથી ઘટાડીને ૩૫ ટકા કરવામાં આવ્યા છે.

કેટલો ખર્ચ કરશે સરકાર ?

કેન્દ્ર સરકાર ૨૦૨૪-૨૫માં ૪૮ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરશે. ૧૧ લાખ કરોડ રૂપિયાથી વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ થશે. રક્ષા મંત્રાલયને ૬.૨૧ કરોડ રૂપિયાથી વધુનું બજેટ આપવામાં આવ્યું છે. તેમાંથી હથિયારોની ખરીદી પર ૧.૭૨ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.સરકારને સૌથી વધુ કમાણી ઈક્મ ટેક્સ અને જીએસટીથી થશે. ઈક્મ ટેક્સથી ૧૯ ટકા અને જીએસટીથી ૧૮ ટકાની આવક થશે. ખર્ચ માટે સરકાર ૨૭ ટકા પૈસા ઉધાર લેશે. સૌથી વધુ ૨૧ ટકા પૈસા રાજ્યોને ટેક્સનો હિસ્સો આપવા અને ૧૬ ટકા કેન્દ્રની યોજનાઓ પર ખર્ચ થશે. જ્યારે લોન પર વ્યાજ ચુકવવામાં ૧૯ ટકા રકમ ખર્ચ થશે.

### છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા વિવાદ વચ્ચે મોટી જાહેરાત

# નવી પેન્શન સ્કીમ પર નાણામંત્રી નિર્મલા સીતારમણની મોટી જાહેરાત

## કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓની જૂની પેન્શન (OPS)ની માંગને લઈને NPS હેઠળ પેન્શન વધારવાની વાત કરી છે

નવી દિલ્હી, તા.૨૩

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે નવી પેન્શન સ્કીમ પર છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા વિવાદ વચ્ચે મોટી જાહેરાત કરી છે. સરકારી કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી ઓલ્ડ પેન્શન સ્કીમ ફરી અમલી કરવાની માગ કરી રહ્યા છે ત્યારે નિર્મલા સીતારમણે સરકારી કર્મચારીઓના હિતમાં નવી પેન્શન સ્કીમની ફરી સમીક્ષા કરવાની બજેટ ૨૦૨૪માં જાહેરાત કરી છે. નાણાંમંત્રીએ જણાવ્યુ કે નવી પેન્શન સ્કીમને લઈને ચાલી રહેલા વિવાદના સમાધાન માટે એક કમિટી બનાવવામાં આવશે. જેમા તમામ કર્મચારીઓની રજૂઆતને ધ્યાને રાખઈ ફેરફાર કરવામાં આવશે.નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) એ રોકાણ અને પેન્શન માટેની સારામાં સારી સ્કીમ છે. આ સ્કીમમાં અત્યાર સુધી ૨ લાખ રૂપિયા સુધીની આવકવેરા કપાત મળે છે. આ કપાત ઈક્મ ટેક્સની કલમ ૮૦C અંતર્ગત ૧.૫૦ લાખ રૂપિયા અને ૮૦CCD(1B) અંતર્ગત ૫૦ હજાર રૂપિયાની છે. મહત્વપૂર્ણ છે કે જૂની ટેક્સ સિસ્ટમ હેઠળ જ ૨ લાખ રૂપિયા સુધીની કપાત ઉપલબ્ધ છે. ખરેખર, સરકાર NPSને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહી છે. તાજેતરમાં, કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓની જૂની પેન્શન (OPS)ની માંગને લઈને NPS હેઠળ પેન્શન વધારવાની વાત કરી છે. કેન્દ્રીય કર્મચારીઓની માંગ છે કે તેમને ઓલ્ડ પેન્શન સ્કીમનો લાભ આપવામાં આવે. તો સરકારનું કહેવુ છે કે તે જૂની પેન્શનની માંગને પૂરી ન કરી શકે પરંતુ એ કર્મચારીઓને તેમના છેલ્લા પગારની ૫૦ ટકા રકમ પેન્શન તરીકે આપી શકે છે, જેઓ NPSમાં નોંધણી કરશે અને તેમાં રોકાણ કરશે. સરકારનું કહેવું છે કે આ સાથે કર્મચારીઓને તેમના જૂના પેન્શન જેટલું જ પેન્શન મળશે.આ કેન્દ્ર સરકારની યોજના છે. જેમા સરકારી તેમજ ખાનગી કંપનીઓના કર્મચારીઓ પણ આમાં રોકાણ કરી શકે છે. આ લાંબા ગાળાની યોજના છે. આમાં રોકાણ કરીને તમે મોટું ફંડ તૈયાર શકો છો. સાથે જ રિટાયરમેન્ટ પછી પેન્શન પણ મળે છે. ૧૮ વર્ષથી ૭૦ વર્ષની વચ્ચેની કોઈપણ વ્યક્તિ તેમાં રોકાણ કરી શકે છે. આમાં વ્યક્તિએ એક નિશ્ચિત સમય માટે રોકાણ કરવાનું હોય છે. તમે કોઈપણ બેંકમાં જઈને આ સ્કીમ સંબંધિત માહિતી મેળવી શકો છો. વધુ માહિતી માટે સત્તાવાર વેબસાઈટ npstrust.org.in અથવા પોસ્ટ ઓફિસ વેબસાઈટ indiapost.gov.in પર જાઓ.

આ યોજનામાં જેટલી રકમ જમા થાય છે, એ તમામ રકમ એકસાથે નથી મળતી. કુલ ફંડમાંથી, તમને ઓછામાં ઓછા ૪૦ ટકા ફન્ડની એન્યુટી મળે છે. એન્યુટી(વાર્ષિકી)નો મતલબ એ છે કે આ રકમમાંથી જ ૬૦ વર્ષની ઉંમર બાદ પેન્શન શરૂ થશે. ધારો કે તમે ૬૦ વર્ષની ઉંમર સુધીમાં રૂ. ૧ કરોડનું ભંડોળ બનાવી લો છો. આવી સ્થિતિમાં, તમને એકસાથે ૬૦ લાખ રૂપિયા મળશે અને ૪૦ લાખ રૂપિયામાંથી તમને દર મહિને પેન્શન આપવામાં આવશે. એન્યુટીમાં જમા રકમ પર પણ વ્યાજ આપવામાં આવે છે.આ સ્કીમમાં દર મહિને ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયાનું રોકાણ કરવું પડશે. ધારો કે તમે હાલમાં ૨૫ વર્ષના છો. આવી સ્થિતિમાં તમારે તેમાં ૩૫ વર્ષ સુધી રોકાણ કરવું પડશે, કારણ કે ત્યાં સુધીમાં તમારી ઉંમર ૬૦ વર્ષની થઈ જશે. આ ૩૫ વર્ષમાં તમે ૮,૪૦,૦૦૦ રૂપિયાનું રોકાણ કરશો. હવે ધારો કે તેમાં વાર્ષિક ૧૦ ટકા વ્યાજ મળે છે. તો વ્યાજ સાથે તમને રૂ. ૬૮,૧૬,૫૫૪ જમા થશે. આ રીતે, ૩૫ વર્ષમાં તમે કુલ ૭૬,૫૬,૫૫૪ રૂપિયાનું ફંડ બનાવી લેશો. આમાં તમને ૬૦ ટકા રકમ એટલે કે ૩૦,૬૨,૬૨૨ રૂપિયા મળશે અને બાકીની રકમથી પેન્શન શરૂ થશે. ધારો કે તમને વાર્ષિકી (એન્યુટી) પર ૬ ટકા વ્યાજ મળે છે, તો તે મુજબ તમને દર મહિને ૧૫,૩૧૩ રૂપિયાનું પેન્શન મળતુ રહેશે.ઓલ્ડ પેન્શન સ્કીમમાં કર્મચારીને ૨૦ લાખ રૂપિયા સુધીની ગ્રેચ્યુટી મળે છે. તેમા કર્મચારીઓના કોઈ પૈસા કપાતા નથી. જો કોઈ કર્મચારીનું મૃત્યુ થાય છે તો તેની પત્નીને પેન્શનનો લાભ મળે છે. દર મહિને લાસ્ટ સેલરીનું ૫૦ ટકા રકમનું પેન્શન કર્મચારીને મળે છે. આ સ્કીમ અંતર્ગત કર્મચારીના ૮૦ વર્ષ બાદ પેન્શન વધવાનો નિયમ છે.

### બજેટ ૨૦૨૪ પ્રતિભાવો

# દેશના વિવિધ રાજકીય નેતાઓની પ્રતિક્રિયાનો સમય આવ્યો

## બજેટ રજૂ થતાંની સાથે જ દ્રઢ્ઢછના નેતાઓ સહિત જુદા જુદા નેતાઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યું

નવી દિલ્હી, તા.૨૩

આજે દેશ માટે મહત્વનો દિવસ છે આજે નાણામંત્રી નિર્મલા સીતારમણે ગૃહમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૪ રજૂ કર્યું હતું. ગૃહમાં બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રીએ અનેક જાહેરાતો કરી અને એ પણ જણાવ્યું કે આવનારા સમયમાં સરકાર શું પગલાં લેવા જઈ રહી છે. આ સાથે વિવિધ ક્ષેત્રો માટે ફાળવવામાં આવેલ બજેટ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. તે પછી હવે દેશના વિવિધ રાજકીય નેતાઓની પ્રતિક્રિયાનો સમય આવ્યો. બજેટ રજૂ થતાંની સાથે જ NDAના નેતાઓ સહિત જુદા જુદા નેતાઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યું હતું.અમિત શાહે બજેટ વિશે શું કહ્યું?: કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને બજેટ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે ટ્વીટમાં લખ્યું, 'બજેટ ૨૦૨૪-૨૫ વડાપ્રધાન મોદીની આગેવાની હેઠળની NDA સરકાર હેઠળ ભારતના હેતુ, આશા અને આશાવાદની નવી ભાવનાનું ઉદાહરણ જ નહીં પરંતુ તેમને મજબૂત પણ કરે છે. ભારતના યુવા, મહિલા શક્તિ અને ખેડૂતોની શક્તિનો ઉપયોગ કરીને, બજેટ રોજગાર અને તકોના નવા યુગની શરૂઆત કરીને વિકસિત રાષ્ટ્ર તરીકે ઉભરી આવવાના દેશના માર્ગને વેગ આપે છે.'નીતિન ગડકરીએ શું કહ્યું?: બજેટ ૨૦૨૪ પર બોલતા, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, ' બજેટ અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા અને આગામી પેઢીના સુધારા અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ ભવિષ્ય તરફ આગળ વધનારું છે.'JDU સાંસદે શું કહ્યું?: બજેટ ૨૦૨૪ રજૂ થયા બાદ જેડીયુના રાજ્યસભા સાંસદ સંજય કુમાર ઝાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. "આ બજેટમાં અમારી સમસ્યાઓ અને ચિંતાઓને સંબોધવામાં આવી છે," તેમણે કહ્યું. ઉત્તર બિહારમાં પૂરને પહોંચી વળવા માટે પહેલીવાર બજેટમાં નક્કર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. મને ખાતરી છે કે જો રાજ્યને વધુ જરૂર પડશે તો સરકાર બિહારને વધુ મદદ કરશે.TDP એ બજેટ પર શું કહ્યું?: કેન્દ્રીય મંત્રી અને ટીડીપી નેતા રામ મોહન નાયડુએ પણ બજેટ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, "રોજગાર હોય કે સપના સાકાર કરવા હોય, આ બજેટમાં તે બધાને શક્તિ આપવાનું કામ કરવામાં આવ્યું છે. સામાન્ય નાગરિક અને યુવાનોને રોજગાર તરફ લઈ જાય તેવી બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે. હું વડાપ્રધાનનો આભાર માનું છું કે તેમણે આંધ્રની સંભાળ રાખવાનું જે વચન આપ્યું હતું તે આ બજેટના રૂપમાં પૂરું કર્યું છે."કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે શું કહ્યું ?: બજેટ પર વાત કરતા કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે આ બજેટ સમગ્ર દેશ માટે સંતુલિત બજેટ છે જેમાં ચાર આધારસ્તંભ મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને મજૂરો છે. તેમણે વધુમાં કહ્યું કે, બિહારમાં વસંત છે કારણ કે ત્યાં એનડીએની સરકાર છે. બિહારને સુપર પેકેજ આપવામાં આવ્યું છે.

ખુરશી બચાવો બજેટ : રાહુલ ગાંધીઃ બજેટ ૨૦૨૪ પર કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ લખ્યું- "ખુરશી બચાવો, બજેટ." રાહુલ ગાંધીએ કહ્યું કે અન્ય રાજ્યોના ભોગે સાથી પક્ષોને ખુશ કરવા માટે પોકળ વચનો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે બજેટમાંથી સામાન્ય ભારતીય માટે કોઈ રાહત નથી. રાહુલે બજેટને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની નકલ અને અગાઉના બજેટ જેવું ગણાવ્યું

### પીએમ મોદીએ બજેટ અંગે શું પ્રતિભાવ આપ્યો

# આ અમારી સરકારની ઓળખ રહી છે અને આજનું બજેટ તેને વધુ મજબૂત કરે છે :પીએમ મોદી

## બજેટમાં સરકારે રોજગાર લિંક પ્રોત્સાહક યોજનાની જાહેરાત કરી છે

નવીદિલ્હી, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટ ૨૦૨૪ માટે તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું કે નાણામંત્રી નિર્મલા સીતારમણ અને તેમની ટીમ અભિનંદનને પાત્ર છે. તેમણે કહ્યું, "આ બજેટ એવું બજેટ છે જે સમાજના દરેક વર્ગને શક્તિ આપશે. આ બજેટ દેશના ગામડાઓ, ગરીબો અને ખેડૂતોને સમૃદ્ધિના માર્ગ પર લઈ જશે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. આ નવો મધ્યમ વર્ગ રચાયો છે, આ બજેટ તેમના સશક્તિકરણને ચાલુ રાખવાનું બજેટ છે.'પીએમ મોદીએ કહ્યું, "આ એક એવું બજેટ છે જે યુવાનોને અગણિત નવી તકો આપશે. આ બજેટ શિક્ષણ અને કૌશલ્યોને નવો સ્કેલ આપશે. આ એ બજેટ છે જે મધ્યમ વર્ગને નવી તાકાત આપશે. તે આદિવાસી સમાજ, દલિતો અને પછાત વર્ગના લોકોની સશક્તિકરણ માટે મજબૂત યોજનાઓ સાથે આવ્યું છે બજેટ. આ બજેટ મહિલાઓની આર્થિક ભાગીદારીને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.MSME ને પ્રગતિનો માર્ગ મળશેઃ તેમણે કહ્યું, "આ બજેટથી નાના વેપારીઓ અને એમએસએમઈને તેમની પ્રગતિ માટે એક નવો માર્ગ મળશે. બજેટમાં મેન્યુફેક્ચરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આનાથી આર્થિક વિકાસને નવી ગતિ મળશે અને ગતિમાં વધારો થશે." તે રોજગાર અને સ્વ-રોજગાર માટેની તક પૂરી પાડે છે.પીએમ મોદીએ કહ્યું, "આ અમારી સરકારની ઓળખ રહી છે અને આજનું બજેટ તેને વધુ મજબૂત કરે છે. આ બજેટમાં સરકારે રોજગાર લિંક પ્રોત્સાહક યોજનાની જાહેરાત કરી છે. તેનાથી દેશમાં કરોડો નવી નોકરીઓનું સર્જન થશે. આ યોજના હેઠળ જીવન અમારી સરકાર જે યુવાનોને તેમની પ્રથમ નોકરી આપશે અથવા એક કરોડ યુવાનોને ઈન્ટર્નશીપ આપશે તેમને દેશની ટોચની કંપનીઓમાં કામ કરવાની તક મળશે. આપણે દરેક ગામ અને શહેરમાં ઉદ્યોગ સાહસિકો બનાવવાના છેઃ તેમણે કહ્યું, "આપણે દરેક શહેર, દરેક ગામ અને દરેક ઘરમાં ઉદ્યોગસાહસિકો બનાવવાના છે અને આ ઉદ્દેશ્ય સાથે, ગેરંટી વિના મુદ્રા લોનની મર્યાદા રૂ. ૧૦ લાખથી વધારીને રૂ. ૨૦ લાખ કરવામાં આવી છે. તેનાથી નાના વેપારીઓ – ખાસ કરીને મહિલાઓ, દલિત, પછાત અને આદિવાસી પરિવારોમાં સ્વ-રોજગારને પ્રોત્સાહન મળશે. આપણે બધાએ સાથે મળીને ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવું છે. દેશનું MSME ક્ષેત્ર મધ્યમ વર્ગ સાથે જોડાયેલું છે.તેમણે કહ્યું, "આ બજેટમાં MSME માટે ધિરાણની સરળતા વધારવા માટે એક નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. ઉત્પાદન અને નિકાસ પ્રણાલીને દરેક જિલ્લામાં લઈ જવા માટે બજેટમાં એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ઈ-કોમર્સ, નિકાસ હબ અને "ખાદ્ય ગુણવત્તા પરીક્ષણ માટે ૧૦૦ એકમો બનાવવામાં આવ્યા છે. આ રીતે વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અભિયાનને વેગ મળશે."પીએમ મોદીએ કહ્યું, "આ બજેટ અમારો સ્ટાર્ટઅપ્સ માટે ઈનોવેશન ઈકોસિસ્ટમ માટે નવી તકો લઈને આવ્યું છે. સ્પેસ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧,૦૦૦ કરોડનું ફંડ આપવામાં આવ્યુંછે. હાઈ ફોર્સ ઈકોનોમી બનાવવામાં આવશે. દેશમાં નવા ઉદ્યોગોનું સર્જન કરવામાં આવશે. સેટેલાઈટ ટાઉન વિકસાવવામાં આવશે અને ૧૪ મોટા શહેરો માટે ટ્રાન્ઝિટ પ્લાન પણ લાવવામાં આવ્યો છે.'

# બાબરાના લોહાણા જ્ઞાતિનાં ધોરણ ૧ થી ૧૨ ના ૪૪ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો



બાબરા લોહાણા મહાજન અને રઘુવીરસેના બાબરાના સંયુકત ઉપક્રમે બાબરા શહેરના ધોરણ૧થી ૧૨ ના ૬૫ ટકા થી ઉપરના તમામ વિદ્યાર્થીઓનો ભવ્ય સરસ્વતી સમારોહ અને સમૂહ જ્ઞાતિ પ્રસાદ તા.૧૪/૦૭/૨૦૨૪નેરવિવારનારોજ જલારામમંદિરબાબરાખાતેયોજાયેલ હતો. બાબરા શહેરના ધોરણ ૧થી ૧૨ નાએક વિદ્યાર્થીને ૨૧ ઈનામ એવા કુલ ૪૪ વિદ્યાર્થીઓને ટોટલ ૯૨૪ ઈનામો આપી પ્રોત્સાહીત કરવાનુ ભવ્ય આયોજનબાબરાલોહાણામહાજનઅને રઘુવીર સેનાદ્વારા થયેલ હતુ. જેમાં એક વિદ્યાર્થીને ૨૧ ભવ્ય ઈનામો આપી સન્માનિત કરાયા હતા. બાબરા લોહાણા મહાજન અને રઘુવીર સેના દર મહિને ''અન્ન ભેગા એના મન ભેગા'' ના બેનર નીચે દર મહિને જ્ઞાતિ ભોજન અને જનરલ મીટીંગનું પણ સુંદર આયોજન કરીરહીછેઅનેજ્ઞાતિસંગઠનઅનેજ્ઞાતિ એકતા માટે સતત બાબરા લોહાણા મહાજનઅનેરઘુવીરસેનાનીસમગ્રટીમ કામ કરી રહી છે. અને જ્ઞાતિ એકતા વધે એવા કાર્યક્રમો કરવા લોહાણા મહાજન અને રઘુવીર સેનાની ટીમ તૈયારીઓ કરી રહી છે. બાબરા લોહાણા મહાજન અને રઘુવીર સેના દ્વારા આયોજિત સરસ્વતી સન્માન સમારોહમાં મુખ્ય મહેમાનો સોનલબેન વસાણી, વિશાલભાઈ સોઢા, સુમિતભાઈ ઠક્કર, ભાવેશભાઈ સોઢા, પીયુશભાઈ સોનપાલ, સંજયભાઈ વણઝારા, જય જલારામ ટ્રસ્ટ સહીત ઉપસ્થિત રહ્યા હતા અને દાતાઓ તરીકે લોહાણા મહાજન બાબરા, અમરેલી જિલ્લા રઘુવીર સેના, રઘુવીર સેના બાબરા, ગૌ.વા.લલીતભાઈ ધીરજલાલ સેદાણી, પરેશ ટી. કંપની નીલમ ચા પરિવાર, ગૌ. વા. ઈન્દુબેન વનમાળીદાસ કાનાણી, ગૌ.વા.લતાબેન નંદલાલભાઈ પોપટ, જતીનભાઈ વિનોદરાય ઠક્કર (એડવોકેટ–રાજકોટ), હિંમતભાઈ ભીમજીભાઈ વસાણી, ગૌ.વા.રમાબેન, રમણીકલાલ વણઝારા, હેમકુવરબેન રમણીકલાલ ભુપતાણી, તપસભાઈ રજનીકાંતભાઈ તેજુરા, તુલસીદાસ આર. ગોકાણી (કૃષ્ણ ગીફટ રાજકોટ), મનોજભાઈ દિનકરરાય જસાણી અને દીપકભાઈ ચંદુભાઈ સેદાણીના દાતાઓ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનીત કરાયા હતા. તેમજ ભોજન પ્રસાદના દાતા સંજયભાઈ નટવરલાલ માનસેતા ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું ભવ્ય આયોજન જલારામ મંદિર બાબરા ખાતે રાખેલુ હતુ અને જય જલારામ ટ્રસ્ટ વતી કાળુભાઈ વણઝારા અને હસુભાઈ પોપટ અને સમગ્ર ટ્રસ્ટી મંડળે પુરતો સાથ અને સહકાર આપેલ હતા. સમગ્ર કાર્યક્રમનુ ભવ્ય આયોજન લોહાણા મહાજન અને રઘુવીર સેનાની સમગ્ર ટીમે કરેલ હતુ અને આવનારા દિવસોમાં પણ અનેક જ્ઞાતિ ઉપયોગી કાર્યક્રમ કરવામાં આવશે તેવુ જણાવેલ.

### એસ.ટી. ડેપોની અનિયમિતતા દુર થતી નથી

## બગસરા–રાજકોટ રૂટની એસ.ટી. બસ એક કલાક મોડી ઉપડતાં મુસાફરો પરેશાન

### ઉચ્ચ અધિકારીઓએ તપાસ કરવી જરૂરી

બગસરા, તા. ૨૩

બગસરામાં એસટી ડેપોમાં આડેધડ વહીવટ સામે અનેક સવાલો ઉઠયા છે ત્યારે બગસરા ડેપોમાં પેસેન્જરોને વ્યવસ્થા નામે મીંડુ છે સવારના ઉપડતી બસ બગસરા રાજકોટ લોકલ ડ્રાઈવર ન હોવાથી ડ્રાઈવર શોધવા એક કલાક મોડી થતા પેસેન્જર રજડીયા હતા અને રોસે ભરાયા હતા ડેપો મેનેજરને આવું અનેકવાર રજૂઆત કરવા છતાં ડેપો મેનેજર ને કાઈ પડી ન હોય અને ઉચ્ચ અધિકારીઓ પણ આ બાબતે કોઈ પણ જાતનું ધ્યાન ન હોય તેમ આંખ આડા કાન કરીને આવા રફ વહીવટને સરકાર કેમ ચલાવી લે છે સરકાર અધિકારીઓથી બીવે છે કે અધિકારીઓ સરકારથી તે કંઈ સમજાતું નથી આવું અનેકવાર બન્યુંછે ઈમરજન્સી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

આ બસ ન આવતા અનેક પેસેન્જર પ્રાઈવેટનો સહારો લઈ પ્રાઈવેટ વાહનમાં ચાલ્યા ગયા હતા સરકારને આવા ભ્રષ્ટ અધિકારીઓ ઉપર કયારે પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું.

પાના ૮ ઉપરનું ચાલું

### બાબરા : પાંજરાપોળ અને ગૌશાળા દ્વારા

યોજના હેઠળ ગૌશાળા અને પાંજરાપોળને આર્થિક સહાય ચુકવવામાં આવે છે. જે સહાય ખુબજ વર્ષોથી અને ઓછી ચુકવવામાં આવે છે જે સહાયમાં પશુ નિભાવવા ખુબ જ મુશ્કેલી ગૌશાળા અને પાંજરાપોળ સંચાલકોને પડી રહી છે. ત્યારે બાબરામાં અમરાપરા પાંજરાપોળ સહિત તાલુકાના ગૌશાળાના મહેશભાઈ મહેતા, ભુપતભાઈ ખીમાંણી સહિતના અન્ય સંચાલકો દ્વારા બાબરા મામલતદારને આવેદનપત્ર આપી ગૌશાળામાં ચૂકવાતી સહાયમાં વધારો કરવામાં આવે તેવી રજુઆત કરી કરવામાં આવી છે.

ગૌશાળાના સંચાલકોએ આવેદનપત્રમાં જણાવ્યું હતુ કે, રાજય સરકાર દ્વારા પાંજરાપોળને પશુદીઠ રૂા. ૩૦ ની સહાય મળતી હતી જે વર્તમાન સમયમાં ખુબ જ ઓછી કહેવાય. કારણ કે પશુઓનો આહાર, દવા સહિત અન્ય ચીજ વસ્તુઓનો ઘણો ખર્ચો થઈ રહ્યો છે જેથી પશુ દીઠ રૂા. ૧૦૦નો વધારો કરવામાં આવે તો પશુ નિભાવવામાં અનુકૂળ રહે તેવું જણાવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલીને વિકસિત બનાવવાની

તરીકે ઓળખવામાં આવે છે.

રાજયના ઉજજવળ ભવિષ્ય માટે અને રાજયની જનતાની તમામ સુખાકારીમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વિઝન ડોકયુમેન્ટ વિકસિત ગુજરાત @ ૨૦૪૭ તૈયાર કરવામાં આવ્યું છે. રાજયનાં આ વિઝનને સાકાર કરવા માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટકાઉ વિકાસને લગતા અગત્યના નિર્દેશકો ધ્યાને લઈ ટૂંકા અને લાંબા ગાળ ના લક્ષ્યાંકો નિયત કરી અમરેલી જિલ્લા માટે વિકસિત અમરેલી @ ૨૦૪૭ નામનું એક વિઝન ડોકયુમેન્ટ અને જિલ્લાના વિકાસનો રોડ મેપ તૈયાર કરવા આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ વર્કશોપમાં જિલ્લા કલેકટર અજય દહિયાએ કહ્યુ કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં જિલ્લાને વિકસિત અમરેલી બનાવવા માટે ભવિષ્યના પડકારોને ધ્યાને રાખી વિકસિત ગુજરાતની પરિકલ્પનાને ધ્યાને રાખી વિઝન ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવે. સંબંધિત વિભાગો પોતાના વિભાગના કાર્યક્ષેત્ર અંતર્ગત ભવિષ્યના પડકારો અને તેના સમાધાન માટેની દ્રષ્ટિકોણ રાખી કાર્ય કરે. આ તકે તેમણે અમરેલી જિલ્લામાં શિક્ષણ, ઉદ્યોગ, પ્રવાસન સહિતના ક્ષેત્રોમાં રહેલી શકયતાઓને ચકાસતું પ્રેઝેન્ટેશન નિહાળ્યું હતું. આગામી દાયકાઓમાં વિકાસની દ્રષ્ટિએ એશિયા ખંડમાં, ભારત દેશ માટે અપાર તકો છે ત્યારે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત ચોક્કસ વિકસિત રાષ્ટ્ર બનશે અને ત્યારબાદ પણ ભારત દેશ અગ્રેસર રહેશે.

વર્કશોપના પ્રારંભે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ કહ્યુ કે, તમામ વિભાગના અધિકારીઓ આ વિઝન ડોકયુમેન્ટની પરિકલ્પનાને સાકાર કરવા માટે ભવિષ્યનું આયોજન પોતાના વિભાગમાં ૧૦ વર્ષ પહેલાં શું સ્થિતિ હતી, હાલમાં શું સ્થિતિ છે અને ભવિષ્યમાં કેવી સ્થિતિ હશે તેના આધારે કામ કરે. આ વિઝન ડોકયુમેન્ટ અંતર્ગત ઈઝ ઓફ લીવીંગ અને ઈઝ ઓફ એર્નીંગ બે મહત્વના પાસા છે તેને આવરી લેતા સંબંધિત વિભાગો વિઝન ડોકયુમેન્ટની તૈયારી કરે.

જિલ્લા આયોજન અધિકારી દ્વારા તમામ સંબંધિત વિભાગના અધિકારીઓને આ વિઝન ડોકયુમેન્ટ અંગે પ્રાથમિક સમજ આપવામાં આવી હતી જયારે આંકડા અધિકારી દ્વારા વિકસિત અમરેલી @ ૨૦૪૭ અંગેનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતુ. વધુમાં જિલ્લા ખેતીવાડી અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, મેનેજર, જિલ્લા ઉધોગ કેન્દ્ર તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા ૨૦૪૭ સુધીનો રોડમેપ રજૂ કરવામાં આવ્યો.

આ વર્કશોપમાં જિલ્લાના માનવ સંશાધનના વિકાસ સાથે શિક્ષણ, આરોગ્ય, પોષણ, સામાજિક–આર્થિક વિકાસની સાથે–સાથે માળખાગત સુવિધાઓ, કૃષિ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ અને ઉદ્યોગોમાં ટકાઉ વિકાસ અને સક્ષમ બનાવવા "Living Well" અને "Earning" ના સિધ્ધાંતોને ધ્યાને રાખી જિલ્લાનું વિઝન ડોકયુન્ટ તૈયાર કરવા વ્યૂહ રચના વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ડોકયુમેન્ટ પ્રગતિ, સમૃધ્ધિ અને પ્રેરણાત્મક વિકાસને સમાવિષ્ટ કરતું એક સ્વપ્નદ્રષ્ટા ડોકયુમેન્ટ બનશે.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન જિલ્લા આયોજન અધિકારી અને જિલ્લા આંકડા અધિકારીએ કર્યુ હતુ.

## વડીયા તાલુકામાં ૨૦ કરોડનાં ખર્ચે બનેલો પાણીનો ફિલ્ટર સમ્પ ખંડેર હાલતમાં

વડીયા, તા. ૨૩

વડીયામાં ખાખરિયા રોડ પર આવેલો ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલો પાણીનો ફિલ્ટર સમ્પ હાલ ખંડેર અને દયનીય હાલતમાં છે. આ સમ્પમાંથી ફિલ્ટર થયેલ પાણી આજુબાજુનાં ગામડાઓ અને વડીયા ગામનાં લોકોને પીવા માટે પુઢં પાડવામાં આવતું હતું. આ સમ્પ કયારે અને કયા કારણોસર બંધ કરવામાં આવ્યો તે અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આ સમ્પ બંધ થવાથી આ વિસ્તારના લોકોને પાણીની ભારે અછતનો સામનો કરવો પડી રહ્યો છે. વડીયા વિકાસ સમિતિનાં પ્રમુખ જુનેદભાઈ ડી. ડોડીયાએ જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીને પત્ર લખીને આ સમ્પને ફરીથી કાર્યરત કરવાની માંગ કરી છે. જેનાથી ઉનાળા દરમિયાન થતી પાણીની સમસ્યા હલ થઈ શકે છે.

## અમરેલી ખાતે ફ્રન્ટ લાઈન સ્ટાફ તાલીમ કાર્યશાળા યોજાઈ



અમરેલી, તા. ૨૩

શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા હેઠળની લીલીયા વન્યજીવ રેન્જના કાર્યક્ષેત્રમાં નાયબ વન સંરક્ષક જયન પટેલના માર્ગદર્શનથી શેત્રુંજી વન્યજીવ વિભાગ હેઠળ ફરજ બજાવતા પાયાના સ્ટાફને ફિલ્ડમાં મુંઝવતા પ્રશ્નો બાબતે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી ફ્રન્ટ લાઈન સ્ટાફ તાલીમ કાર્યશાળા નું આયોજન જીલ્લા તાલીમ કેન્દ્ર પોલીસ હેડ કવાર્ટર –અમરેલી ખાતે કરવામાં આવેલ હતું. જેમાં શેત્રુંજી વન્યજીવ વિભાગ હેઠળ ફરજ બજાવતા રેન્જ ફોરેસ્ટ ઓફિસર, રાઉન્ડ ફોરેસ્ટર તથા વનરક્ષકને નિષ્ણાંત ફેકલ્ટી નિવૃત મદદનીશ વન સરક્ષક ડી.પી.વાઘેલા તેમજ લીગલ એડવાઈઝર વકીલ દિનેશ ધમળ દ્વારા કાયદાકીય બાબતોનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું. પોલીસ વિભાગ દ્વારા સાઈબર ક્રાઈમ અને સોસીયલ મીડિયા બાબતે તાલીમ આપવામાં આવેલ તેમજ તાલીમ મેળવેલ તમામ સ્ટાફને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવેલ હતાં.

પાના ૮ ઉપરનું ચાલું

### રાજસ્થાનમાંથી ૧૩ વર્ષની બાળકીનું

અમરેલી જિલ્લા વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય ઈસમોને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ધારી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન એક પરપ્રાંતીય ઈસમ બાળકી સાથે મળી આવતા મજકુરની સઘન પુછપરછ કરતા ગત તા. ૧૨/૭/૨૪ નાં રોજ એક ૧૩ વર્ષિય તરૂણીનું અપહરણ કરી લઈ આવેલ હોય. જે અંગે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપેલ હોય તે અંગે ખરાઈ કરતા રાજસ્થાનના ચિતોડગઢ જિલ્લાના નિમ્બાહેરા પોલીસ સ્ટેશનમાં બાળકીના અપહરણનો ગુનો દાખલ થયેલ હોવાની હકિકત મળતા આરોપી કિસ્મતપુરી શ્યામપુરી ગૌસ્વામી (રહે. બિનોતા, જિ. ચિતોડગઢ રાજસ્થાન) ને પકડી પાડી રાજસ્થાનના નિમ્બાહેરા પોલીસ સ્ટેશન હવાલે કરવા તેમજ બાળકીને તેના પિતાને સોંપી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### ''અમરેલી એક્સપ્રેસ''નાં મોભી

અમરેલીની જાણીતી સેવાકીય સંસ્થા ૨૪×૭ ગૃપના અગ્રણી અને ભાજપના આગેવાન ડો. ભરતભાઈ કાનાબાર, તુલશીભાઈ મકવાણા, એડવોકેટ ચેતનભાઈ રાવલ, ટોમભાઈ અગ્રાવત, નયનભાઈ જોષી સહિતના આગેવાનો એ શુભકામના પાઠવી હતી. આ ઉપરાંત અમરેલી જીલ્લામાંથી મોટી સંખ્યામાં મિત્રો, શુભેચ્છકો, સંબંધીઓ દ્વારા પણ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૯ | ૧૫૭૧ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૩૫ |
| ૩ | તલ સફેદ | ૨૨૮૫ | ૨૩૨૫ |
| ૪ | જીરૂ | ૪૮૦૫ | ૫૧૨૫ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૮ | ૧૨૨૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૧ | ૧૨૭૩ |
| ૩ | શિંગદાણા | ૧૩૧૧ | ૧૬૪૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૩૩૨૫ | ૧૫૬૬ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૭૫ |
| ૬ | તલ કાળા | ૨૯૮૫ | ૩૩૭૦ |
| ૭ | બાજરો | ૪૫૯ | ૪૮૬ |
| ૮ | જુવાર | ૪૯૬ | ૮૪૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૭૭ | ૫૮૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૮૪ |
| ૧૧ | મગ | ૧૫૩૦ | ૧૬૩૧ |
| ૧૨ | ચણા | ૯૪૦ | ૧૩૩૫ |
| ૧૩ | તુવેર | ૧૦૮૦ | ૧૯૦૦ |
| ૧૪ | કપાસ | ૮૦૦ | ૧૫૮૪ |
| ૧૫ | એરંડા | ૧૧૨૩ | ૧૧૨૩ |
| ૧૬ | જીરૂ | ૩૫૯૦ | ૪૮૫૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૨૧ |
| ૨ | શીંગદાણા | ૧૪૦૫ | – |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૫૮ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૨૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૭૫૦ |
| ૬ | કપાસ | ૧૨૫૦ | ૧૫૫૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૩ | ૫૮૬ |
| ૯ | બાજરો | ૩૮૫ | ૪૯૯ |
| ૧૦ | જુવાર | ૪૮૫ | ૮૦૦ |
| ૧૧ | મગ | ૧૫૧૧ | – |
| ૧૨ | ચણા | ૧૦૮૭ | ૧૨૪૧ |
| ૧૩ | તુવેર | ૨૦૯૨ | – |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૬૨ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૫૩૦ |
| ૨ | ચણા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૩ | જુવાર સફેદ | ૭૨૬ | ૭૭૬ |
| ૪ | તલ સફેદ | ૨૫૬૦ | ૨૫૬૦ |
| ૫ | રાય | ૯૦૦ | ૯૦૦ |
| ૬ | જીરૂ | ૪૯૫૦ | ૪૯૫૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ૨ | કપાસ | ૧૦૯૦ | ૧૧૬૦ |
| ૩ | શીંગ ફાડા | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૧૨ |
| ૫ | સોયાબીન | ૭૭૦ | ૮૦૯ |
| ૬ | તલ સફેદ | ૨૩૭૦ | ૨૩૭૦ |
| ૭ | શીંગદાણા | ૧૫૩૫ | ૧૫૪૦ |
| ૮ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૯ | મગ | ૧૨૬૫ | ૧૫૪૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૭૫ | ૧૦૯૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૧ | ૨૩૦૧ |
| ૩ | તલ કાળા | ૨૭૮૦ | ૨૭૮૦ |
| ૪ | કપાસ | ૧૧૬૦ | ૧૫૫૧ |
| ૫ | બાજરો | ૩૮૦ | ૪૮૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૦ |
| ૭ | જુવાર | ૪૭૧ | ૮૬૬ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | ચણા | ૯૦૨ | ૧૨૪૦ |
| ૧૧ | જીરૂ | ૪૫૧૬ | ૫૨૦૧ |
| ૧૨ | એરંડી | ૧૦૦૨ | ૧૦૦૨ |
| ૧૩ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૬૦૬ |
| ૧૪ | ધાણા | ૧૦૭૫ | ૧૦૭૫ |

## સબ ભૂમિ ગોપાલ કી સમજીને દબાણકર્તાઓએ રેંકડી, કેબિનો અને તંબુ તાણી દીધા

# અમરેલીમાં શહેરીજનો માટે બનાવાયેલ ફૂટપાથ પરનું દબાણ દૂર કરો

**મહિલાઓ, વૃધ્ધો અને બાળકો પગપાળા ચાલી શકે તે માટે ફૂટપાથ બનાવવામાં આવી છે**

**સરકીટ હાઉસની દીવાલ, વ્યાયામ મંદિરથી લઈને રેલ્વે ફાટક સુધીની ફૂટપાથ પર દબાણ**

**ગાંધીબાગ નજીક સહિતનાં વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં દબાણ થયું હોય પાલિકા દ્વારા કાર્યવાહી થાય તેવી માંગ**

**રોજગાર મેળવવાનો સૌને અધિકાર પણ કોઈને નડતરરૂપ દબાણ કરીને રોજગાર મેળવવો એ ગુન્હો છે**



અમરેલી, તા. ૨૩

અમરેલી શહેરની ''સબ ભૂમિ ગોપાલ કી'' હોય તેમ શહેરમાં જાહેર માર્ગો, સાર્વજનિક પ્લોટ ઉપરાંત મહિલાઓ, વૃધ્ધો, બાળકોને ચાલવા માટે બનાવાયેલ ફૂટપાથ પર વ્યાપક પ્રમાણમાં દબાણ કરવામાં આવ્યું હોય પાલિકાનાં શાસકોએ લાજ–શરમ છોડીને ફૂટપાથ કે જાહેર માર્ગો પરનું ટ્રાફિકને અડચણરૂપ તમામ દબાણ દૂર કરવું જોઈએ તેવી માંગ શહેરીજનોમાં ઉભી થઈ છે.

શહેરમાં આવેલ સરકારી અતિથિગૃહની દીવાલથી લઈને વ્યાયામ મંદિરથી શરૂ કરીને કોલેજ ચોક અને બાદમાં એસ.ટી. ડિવિઝન સામેની ફૂટપાથ તેમજ બાયપાસ ઉપર, ખાદી ભવન, લાયબ્રેરી માર્ગ, હરિરોડ, ઈન્દિરા શોપિંગ સેન્ટર, ભીડભંજન રોડ, માર્કેટયાર્ડ રોડ સહિત સેંકડો સ્થળોએ રેંકડી, કેબિનો કે તંબુ તાણવામાં આવેલ છે.

રોજગાર મેળવવાનો સૌને અધિકાર છે પરંતુ શહેરીજનોને નડતરરૂપ બને તે પ્રકારે રોજગાર મેળવવો એ ગુન્હો હોય પાલિકા પોલીસ અને લાગતા–વળગતા સરકારી વિભાગે સંયુકતપણે શહેરમાં આડેધડ થયેલ દબાણને દૂર કરીને શહેરીજનોને પડતી મુશ્કેલીઓ દૂર કરવી જોઈએ અને આ માટે નાયબ દંડક, સાંસદ સહિતનાં પદાધિકારીઓએ પણ સહયોગ કરવો જરૂરી બન્યો છે.

### સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ વિડીયોએ ધુમ મચાવી

## અરે વાહ : ખાંભાનાં રાયડી ગામ નજીક રીમઝીમ વરસાદી માહોલમાં સિંહ પરિવાર ફરવા નીકળ્યો

**એક તરફ આહ્‌લાદક વાતાવરણ બીજી તરફ જંગલનો રાજા પરિવાર**





ખાંભા, તા. ૨૩

અમરેલી જીલ્લો સિંહનો ગઢ ગણવામાં આવે છે. ત્યારે અવારનવાર સિંહો રોડ પર લટાર મારતાના વીડિયો સોશ્યયલ મીડિયામાં વાયરલ થયા છે. ત્યારે ખાંભાના રાયડી ગામ નજક ઝરમર ઝરમર વરસાદી માહોલ વચ્ચે સિંહ પરિવારની હલચલ જોવા મળી હતી અને ખાંભાના રાયડી ગામ નજીક જાહેર માર્ગ ઉપર સિંહ પરિવાર રોડ ક્રોસ કરતા રાહદારીના મોબાઈલના કેમેરામાં કેદ થયા હતા. સિંહ પરિવાર રોડ ક્રોસ કરતાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો અને હાલમાં પડેલા વરસાદના પગલે વનરાયું સોળે કળાએ ખીલી ઉઠી સાથે સાથે સિંહ પરિવાર સ્થળ ફેરવતા નજરે પડયા હતા અને લીલી વનરાયું વચ્ચે સિંહોને મચ્છરનો ત્રાસ વધતા ખુલી જગ્યામાં રહેવાનું પસંદ કરતા હોઈ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## રાજસ્થાનમાંથી ૧૩ વર્ષની બાળકીનું અપહરણ કરનાર આરોપી બાળકી સાથે ઝડપાયો

**ધારી પંથકમાંથી આરોપીને દબોચી લેવાયો**

અમરેલી, તા. ૨૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લા તેમજ બહારના જિલ્લાઓમાં ગુનાઓ આચરી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા

અનુસંધાન પાના ૬ ઉપર

### મુખ્યમંત્રી ગૌમાતા પોષણ સહાય યોજના હેઠળ

## બાબરા : પાંજરાપોળ અને ગૌશાળા દ્વારા આર્થિક સહાયમાં વધારો કરવાની માંગ કરાઈ

**મામલતદારને ગૌશાળાનાં સંચાલકો દ્વારા આવેદનપત્ર આપી રજૂઆત**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

રાજયમાં રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૌમાતા પોષણ સહાય

અનુસંધાન પાના ૬ ઉપર

## ડો. જીવરાજ મહેતા ચોકમાં આખલા યુધ્ધ



અમરેલીનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં સાંજના સમયે ટ્રાફિકનાં માહોલમાં રખડતા પશુઓનાં ટોળા આરામ ફરમાવતા હ ય છે. તેવા સમયે બે આખલાઓ વચ્ચે ઘમાસાણ યુધ્ધ થતાં શહેરીજનોમાં ફફડાટ ફેલાયો હતો.

### ડો. ભરત કાનાબાર સહિતનાં આગેવાનો દ્વારા

## ''અમરેલી એક્સપ્રેસ''નાં મોભી મિલાપ રૂપારેલનાં જન્મદિને શુભેચ્છા

**જીલ્લાભરમાંથી મોટી સંખ્યામાં શુભેચ્છા પ્રાપ્ત**



અમરેલી, તા. ૨૩

અમરેલીના સિનિયર પત્રકાર અને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક પરિવારના મોભી મિલાપભાઈ રૂપારેલનો આજે જન્મ દિવસ હોય,

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)